ખાદી ઉત્સવ વિશેષ

gÀÜö ` 10/-

# ગ્રામનિર્માણ

ગુજરાત રાજ્ય ખાદી-ગ્રામોદ્યોગ બોર્ડનું મુખપત્ર

વર્ષ : ૪૫ | અંક : ૭ | ઓક્ટોબર '૧૧ - માર્ચ '૧૨



## અવિરત પ્રેમનો યજ્ઞ......
## સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ

# ભાલ નળકાંઠાનું મહિલા ગૌરવ

ઊની ખાદી ક્ષેત્રે છેલ્લાં ૫૪ વર્ષથી અગ્રણી એવી ગુજરાતની એકમાત્ર સંસ્થા ભાલ નળકાંઠા – રાણપુર સતત પ્રગતિના સોપાનો સર કરી રહી છે. (સક્સેસ સ્ટોરી માટે જુઓ ગ્રામનિર્માણ, નવેમ્બર '૧૦ - જાન્યુઆરી '૧૧) છેલ્લા થોડા અરસામાં આ સંસ્થા માટે ગૌરવ લઈ શકાય એવા વધુ બે પ્રસંગો સર્જાયા. સંસ્થા માટે આનંદની વાત એ હતી કે બંનેમાં નિમિત્ત મહિલાઓ હતી.




સંસ્થાના વણાટ કાર્યકર બયુબા ભાવુબા પરમારને ભારતના મહામહિમ રાષ્ટ્રપતિશ્રી પ્રતિભા દેવીસિંહ પાટિલના મુખ્ય અતિથિ પદે, ખાદી ગ્રામોદ્યોગ આયોગના કમિશનરશ્રી જે. એસ. મિશ્રાની વિશેષ ઉપસ્થિતિમાં અને સૂક્ષ્મ તથા લઘુ ઉદ્યમ મંત્રાલય (એમએસએમઈ)ના મંત્રીશ્રી વીરભદ્રસિંહના વરદ્ હસ્તે પશ્ચિમ ઝોનના શ્રેષ્ઠ વણાટ કાર્યકરના ઍવોર્ડથી નવાજવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે બયુબા પરમારને રૂ. ૨૫,૦૦૦નો ડિમાન્ડ ડ્રાફ્ટ, પ્રમાણપત્ર અને શિલ્ડથી સન્માનિત કરાયાં હતાં.

આ પ્રસંગનો આનંદ હજુ જ્યાં વિરમ્યો છે ત્યાં બીજો પ્રસંગ સર્જાયો. સંસ્થાના સુશ્રી પાલુબહેન છગનભાઈ વાઘને મહિલા વિકાસ અને ઊની ખાદી ક્ષેત્રે કરેલી શ્રેષ્ઠ કામગીરી બદલ ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ – ગાંધીનગર દ્વારા તથા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના હસ્તે વર્ષ ૨૦૧૦-૧૧નો ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર એનાયત કરાયો.

૩૧ માર્ચ, ૨૦૧૨ના રોજ જીએમડીસી ગ્રાઉન્ડ – અમદાવાદ ખાતે ગુજરાતના આયોજન પંચના ઉપાધ્યક્ષ ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને અમદાવાદ શહેરના મેયરશ્રી અસિત વોરાની ઉપસ્થિતિમાં યોજાયેલા આ સમારોહમાં સુશ્રી પાલુબહેનને રૂપિયા ૫૦,૦૦૦નો પુરસ્કાર અને પ્રમાણપત્રથી સન્માનવામાં આવ્યાં.



# ગ્રામનિર્માણ

ગુજરાત રાજ્ય ખાદી-ગ્રામોદ્યોગ બોર્ડનું મુખપત્ર

**વર્ષ : ૪૫** **અંક : ૭** **ઑક્ટોબર '૧૧ - માર્ચ '૧૨**

**સંપાદક મંડળ**

**અધ્યક્ષ** : વાડીભાઈ પટેલ
**તંત્રી** : કિશોર રાવ ડી.
**સંપાદક** : દીપક પટેલ
**વિશેષ પ્રતિનિધિ** : કેતન રૂપેરા
**ડિઝાઈન** : સચીન પટેલ
**હિસાબનીશ** : જે. બી. રબારી
**વ્યવસ્થાપક** : એન. આર. શર્મા

**નોંધ :** ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે ગુ.રા. ખા.ગ્રા.બોર્ડ કે રાજ્ય સરકાર સહમત છે, એમ માનવું નહિ.

**વાર્ષિક લવાજમ :** રૂ. ૧૦૦/-

**લવાજમ મોકલવાનું સરનામું :**
મુખ્ય હિસાબી અધિકારી
ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ
જૂના વાડજ, અમદાવાદ – ૩૮૦૦૧૩

**લેખ મોકલવાનું સરનામું :**
તંત્રીશ્રી,
ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ
ગ્રામનિર્માણ ભવન
જૂના વાડજ, અમદાવાદ – ૩૮૦૦૧૩

ફોન નં. : (૦૭૯) ૨૭૫૫ ૧૭૦૧
ફેક્સ નં. : (૦૭૯) ૨૭૫૫ ૭૪૪૪

email : ao-kvib-ahd@gujarat.gov.in
email : khadiboard@gmail.com
website : www.khadigujarat.in

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડે સરકારી ફોટો લીથો પ્રેસમાં છાપીને અમદાવાદ ખાતેથી પ્રકાશિત કર્યું.


- અધ્યક્ષની કલમે ........................ ૨
- સંપાદકીય ........................ ૨

૧. ''મા, હું ખાદી કેમ પહેરું છું?'' ........................ ૩
- ઈલા ર. ભટ્ટ

૨. સત્ય વિશે : એક આધ્યાત્મિક હાસ્યલેખ .............. ૫
- ઉર્વીશ કોઠારી

૩. ગાંધીના સંગમાં સરદારના વ્યંગ .................... ૭
- અશ્વિનકુમાર

૪. 'અમે સેવા નહિ, પ્રેમ કરીએ છીએ' ................. ૯
- કેતન રૂપેરા

૫. ખાદી ઉત્સવ – ૨૦૧૨ ................... ૧૩

૬. સંસ્થાકીય પ્રતિભાવ ................... ૧૬

૭. ગાંધીજી અને આજનો ગ્રાહક ................... ૧૭
- કાર્તિકેય ભટ્ટ

૮. ખાદીજગત સાથે સંવાદયાત્રા ................... ૨૦
- ગીતા દવે

૯. માર્કેટિંગ : માયાજાળ નહિ, સફળતાનો મંત્ર .......... ૨૨
- અજય દોશી

૧૦. ...તો ખાદીપ્રવૃત્તિ ચાલશે જ નહિ, વિકસશે પણ ખરી ... ૨૪
- રણજિતસિંહ ચૌહાણ


સૂચના :

- 'ગ્રામનિર્માણ' માટે લખાણ પાનાંની એક જ બાજુએ અને સુવાચ્ય અક્ષરે લખવું.
- લખાણનાં પાનાં પર ડાબી અને જમણી એમ બંને બાજુએ હાંસિયા જેટલી જગ્યા છોડવી.
- આપના ભવન/બોર્ડ દ્વારા ખાદી-ગ્રામોદ્યોગને લગતી કોઈ પણ પ્રવૃત્તિ-કાર્યક્રમ યોજાય અને તે 'ગ્રામનિર્માણ'માં પ્રકાશિત કરવા યોગ્ય જણાય તો તુરત જ 'ગ્રામનિર્માણ'ના સરનામે તસવીર સાથે લખી મોકલવી.

## અધ્યક્ષની કલમે...

મિત્રો,

'ગ્રામનિર્માણ' દ્વારા આપણો સંપર્ક નિયમિતપણે જળવાઈ રહ્યો છે, સંબંધ તાજો થઈ રહ્યો છે... એ વાતનો આનંદ છે. ગુજરાત રાજ્ય ખાદી ગ્રામદ્યોગ બૉર્ડ અને તેની સાથે સંકળાયેલી સંસ્થાઓની કામગીરીને એક જ વાકયમાં સમાવીએ તો કહી શકાય કે, 'ગાંધીજીએ આદરેલું... આપણે આગળ વધારવાનું છે.' ગાંધીજીના સપનાનાં સ્વરાજનું ગામડું સ્વાવલંબી જ હોય, એ આપણે જાણીએ છીએ.ખેતી, પશુપાલન, ખાદી અને ગ્રામોદ્યોગ એ ગામડાંનાં અર્થતંત્રનાં પાયાનાં તત્વો છે. આ પાયો તો જ મજબૂત બને જો તેને માટે જરૂરી ચીજવસ્તુઓ સ્થાનિક સ્તરે અને નજીકમાં નજીક સ્થળે મળી રહે. હાલના સમયમાં બાયોગૅસ તે માટેનું શ્રેષ્ઠ માધ્યમ બની રહ્યું છે. બાયોગૅસ પ્લાન્ટ સ્થાપવાથી ખેડૂતોને ઉચ્ચ ગુણવત્તાવાળું કુદરતી ખાતર તો મળી જ રહે છે, સાથોસાથ જરૂરી બળતણ પણ. આ બળતણ છાણાં-લાકડાં-કેરોસીન અને ગૅસ સિલિન્ડરની સરખામણીએ ઘણું સસ્તું છે. કુદરતી ખાતર હોવાને કારણે કાર્બન ડાયોક્સાઈડ તથા બીજા વાયુઓનું ઉત્સર્જન ઘટતાં પર્યાવરણ પણ શુદ્ધ રહે છે. સ્થાનિક સ્તરના આ પ્લાન્ટની વૈશ્વિક ક્ષમતાની વાત કરીએ તો આપણી સામે ગ્લોબલ વોર્મિંગની જે મોટી સમસ્યા આવીને ઉભી રહી છે, તેને નાથવા માટે આ એક નાનું તોય ખિસકોલી કાર્ય તો છે જ.

બાયોગૅસ પ્લાન્ટ સ્થાપવા માટે ગુજરાત સરકાર અને ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બૉર્ડ દ્વારા વિવિધ યોજનાનું અમલીકરણ થાય છે. તેમાં માર્ગદર્શનથી માંડીને સબસીડી સુધીની જોગવાઈ છે. આ યોજનાઓનો લાભ લઈએ અને ગાંધીજીના 'ગ્રામસ્વરાજ'નું સપનું સાકાર કરીએ.

**- વાડીભાઈ પટેલ**

**ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બૉર્ડ**

## સંપાદકીય...

મિત્રો,

'ગ્રામનિર્માણ'નો આ અંક આપના સુધી પહોંચતા નિયત સમયમર્યાદા કરતાં વધારે સમય ખર્ચાઈ ગયો એ વાતનો ખેદ છે, પરંતુ આ અંક માટે આપણને પોતપોતાના ક્ષેત્રની નિષ્ણાત વ્યક્તિઓએ સમય કાઢીને લેખ લખી આપ્યો છે તે જોતાં-વાંચતા 'ધીરજનાં ફળ મીઠાં'નો અહેસાસ થયા વિના નહિ રહે. 'હું ખાદી શા માટે પહેરું છું'ની લાગણીથી લઈને વધુ ને વધુ લોકોને ખાદી પહેરતા કેવી રીતે કરી શકાય, તેની યુક્તિ-પ્રયુકિત આપણને આ અંકના લેખકો-લેખિકાઓ પાસેથી મળી રહી છે. તેમાં વળી, હાસ્ય અને વ્યંગસભર લેખો ભળતાં આ અંક 'ગ્રીષ્મવાચન'ની તરસ પણ છીપાવશે, એવી આશા છે. બાકી, પ્રેમયજ્ઞની સુવાસ પ્રસરાવી રહેલા સુરેશ સોનીના કાર્યથી ખાદીજગત અજાણ્યું હોવાનું કોઈ કારણ નથી, તેમ છતાં વાચકોને તેમાંથી કંઈક એવું ચોક્કસ મળશે, જે અત્યાર સુધી અજાણ્યું હતું.

અને હા, 'ગ્રામનિર્માણ'ના વિશેષરૂપે તૈયાર કરાયેલી ખાદી ઉત્સવ – ૨૦૧૨ની ઝલક આપને 'ફરી ખાદી ઉત્સવ ક્યારે આવશે?'ની લાગણી ન જન્માવે તો જ નવાઈ!

**- સંપાદક મંડળ**


**'ગ્રામનિર્માણ'**

# “મા, હું ખાદી કેમ પહેરું છું?”

- ઇલા ર. ભટ્ટ

***ખાદી એટલે શું? હાથે કાંતેલા સૂતરમાંથી હાથસાળ ઉપર હાથે વણેલું કાપડ? હા, પણ એટલું જ નહિ આજની પરિસ્થિતિમાં ખાદી એનાથી પણ કંઈક વિશેષ છે. દીકરીનો પ્રશ્ન, ‘મા, હું ખાદી કેમ પહેરું છું?’માંથી વિસ્તરેલું, આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સમાજસેવિકા ઇલા ર. ભટ્ટનું ચિંતન ખાદીને વ્યાપક અર્થ આપે છે, ખાદીનો વ્યાપ વધારે છે***

હું ઓફિસમાં કામ કરતી હતી, ત્યાં મારી છ વર્ષની દીકરીનો તેની શાળામાંથી ફોન આવ્યો. પૂછયું, “મા! હું ખાદી કેમ પહેરું છું? મારે સાહેબને જવાબ આપવાનો છે.” ફોન ચાલુ. આટલું ગંભીરતાથી ખાદી ઉપર મેં કદી વિચાર્યું નહોતું. જોકે કોલેજકાળથી હું કડકાઈ ખાદી પહેરતી આવેલી પણ અહીં જવાબ તો મારે એ આપવાનો હતો કે જે બાળક પોતે સમજી શકે, સમજાવી શકે અને તેય શિક્ષકને. થયેલું એવું કે એણે પહેરેલું વસ્ત્ર સાઇઝમાં જરા મોટું હતું. વર્ગમાં છોકરાઓ તેને ચીઢવતા હતા કે તારા પપ્પાનો ઝભ્ભો પહેરી આવી છે. ઝઘડો પણ થયો હશે. શિક્ષક વચ્ચે પડ્યા હશે ને તેમણે એને પૂછયું કે, તો પછી તું ખાદી કેમ પહેરે છે? બીજા કાપડ કેમ નથી પહેરતી? ફોન ચાલુ. મેં તેને કહ્યું, “તું એમ કહે કે ગામડાંના ગરીબોને મદદ થાય.” એમ કહે, “તમે ૧૦૦ રૂપિયાની ખાદી ખરીદો તો ૮૦ રૂપિયા મજૂરી કરનારને જાય, ૨૦ રૂપિયા દુકાનદારને જાય અને મિલનું કાપડ પહેરો તો ૨૦ રૂપિયા મજૂરને જાય ૮૦ રૂપિયા દુકાનદારને જાય!”



આ સંવાદ મારા મનમાંથી કદી ખસ્યો નથી. પછીથી મેં આંકડા ચકાસી જોયેલા અને સાચા હતા (વર્ષ ૧૯૬૪). આજે એ ૮૦ ટકામાં ઘટાડો થયો છે, તેવું મેં જાણ્યું છે.

ખાદી મારા મનમાં અનેક સ્વરૂપે ખડી થઈ જાય છે.

હાથે કાંતેલું અને હાથે વણેલું કાપડ તે ખાદી કહેવાય. ખાદી એ ભારતની આઝાદીની લડતનો અંતર્ગત ભાગ હતો. મેંચેસ્ટરની કાપડ મિલોએ આપણા દેશનું કાપડઉત્પાદન છિન્નભિન્ન કરી દીધું હતું. લાખો ગ્રામીણ કારીગરો બેહાલ થઈ ગયા હતા. ખાવાના પણ સાંસા પડતા હતા. આપણા સ્થાનિક અર્થતંત્રના ભોગે બ્રિટનની સમૃદ્ધિ વધતી જતી હતી. આવા ઔદ્યોગિક વિકાસના વિસ્ફોટ વચ્ચે ગાંધીજીએ ન માની શકાય તેવી ઝુંબેશ ચલાવી. હાથ બનાવટનાં કપડાંને પુનર્જીવિત કરવાની ચળવળ, જેનું નામ ખાદી! ખાદી એ કાંઈ સીધીસરળ ચીજ નહોતી. દેશની ગુલામી તોડવાનું અમોઘ રાજકીય, આર્થિક, સામાજિક અને ધાર્મિક શસ્ત્ર હતું.

ખાદી - ઉત્પાદનની શરૂઆત ગાંધીજીએ પોતાનાથી જ કરી. જાતે કાંતતા શીખ્યા, પોતાનો અંગ્રેજી પોષાક ઉતારીને તેની જગ્યાએ ખાદીવસ્ત્રને સ્થાપિત કર્યું. જાતે કાંતી-વણી ખાદી પહેરીને તેમણે ભારતના કારીગરોની બેહાલ સ્થિતિની જગતને સાબિતી આપી. એ લાચાર બેરોજગાર ગ્રામજનો સાથે તેમણે પોતાનું જીવન જોડ્યું. સ્થાનિક અર્થતંત્રને પોતાનો ટેકો મજબૂતપણે જાહેર કર્યો. આપણા દેશમાં સામાન્યત: પારંપરિક ઉદ્યોગો જાતિકોમ સાથે જોડાયેલા હોય છે. કાંતણ

વણાટ કરતા દલિત (ત્યારે 'અછૂત')ની પ્રવૃત્તિ અપનાવીને ગાંધીજીએ જાતિભેદની કુપ્રથાને પડકાર દીધો.

બ્રિટિશરાજ સામેની લડતમાં સામેલ થયેલા ભલભલા નબીરા નેતાઓએ પણ સ્વદેશીનું હાર્દ સમજીને ખાદી અપનાવી. નબળામાં નબળું જન પણ દેશની આઝાદી માટેનું શસ્ત્ર ઉઠાવી શકે તેવું હતું એ ખાદીશસ્ત્ર!

ગાંધીજીના પૌત્ર રાજમોહન ગાંધી લખે છે તે મુજબ, 'ખાદી સ્વતંત્રતાની લડતનું એવું પ્રતીક હતું - જેને સ્પર્શી શકાય, જોઈ શકાય, દેખાડી શકાય. જે કોઈ ખાદી પહેરે, કાંતે, વણે, તેને 'મહાત્મા ગાંધી વીણા' સાથે તાર સંધાયા જેવો અનુભવ થાય. દરિદ્રનારાયણને સ્વરાજની લડત - સત્યાગ્રહમાં ભાગ લીધાનો અનુભવ થાય.

સ્વતંત્ર ભારતનો એ 'વેશ' હતો. તેમાં ભારત દેશ અને દેશી પ્રદેશની ઊંડી સમજ હતી. ચરખાનું એકેએક ચક્ર દેશને સ્વરાજ તરફ ખેચતું હતું. રાજકીય અને આર્થિક આઝાદી હાંસલ થતી જતી હતી.

ખાદીનું એ પ્રતીક આજે પણ એટલું જ વાજબી છે. આજની પરિસ્થિતિમાં ઉત્પાદક અને ઉપભોક્તા માઈલો દૂર હટી ગયા છે ત્યારે મારા ગામની ભેંસનું દૂધ એ મારી ખાદી જ છે. મારા ઘરમાં વરસાદી પાણીનું મારું ટાકું એ ખાદી છે.

*આજની પરિસ્થિતિમાં ઉત્પાદક અને ઉપભોક્તા માઈલો દૂર હટી ગયા છે ત્યારે મારા ગામની ભેંસનું દૂધ એ મારી ખાદી જ છે. મારા ઘરમાં વરસાદી પાણીનું ટાકું એ ખાદી છે, મારા ગામમાં ઊગેલી મકાઈનો રોટલો એ ખાદી છે. ગામની ભાજી, વાડામાં ઉગાડેલી મરચી, ગામના દરજીએ સીવેલું મારું ખમીસ એ ખાદી છે. મારા ગામની શાળા, ગામની પંચાયત એ મારી ખાદી જ છે*

મારા ગામમાં ઊગેલી મકાઈનો રોટલો એ ખાદી છે. ગામની ભાજી, વાડામાં ઉગાડેલી મરચી, ગામના દરજીએ સીવેલું મારું ખમીસ એ ખાદી છે. મારા ગામની શાળા, ગામની પંચાયત એ મારી ખાદી જ છે. મારી બચત મૂકવા માટે ગામની નજદીકની સહકારી મંડળી એ પણ ખાદી છે.

આવો બૃહદ અર્થ ધરાવતી ખાદી જ્યારે હું જીવનમાં વાપરું છું, ભોગવું છું, ખરીદું છું ત્યારે દુનિયાને હું જાહેર નિવેદન કરું છું કે મારી કમાણીનો હું સદ્ઉપયોગ કરું છું. ભલે હું શહેરમાં રહું છું, પણ ખાદી વાપરીને હું ગ્રામપ્રજાના જીવનને સમૃદ્ધ કરું છું, હું દલિત કાંતનાર, મુસ્લિમ વણકર, બેહાલ મજૂર સ્ત્રી-પુરુષને ટેકો દઉં છું. જાતિભેદ, વર્ગભેદની દીવાલોને ઓગાળું છું.

કેમ કે આઝાદીનો બાકી હિસાબ મારે પૂરો કરવાનો છે.

### ગ્રામસ્વરાજમાં નાગરિકો આત્મનિયંત્રિત હશે...


ગાંધીજી ભારતમાં સાચી લોકશાહી સ્થપાય એમ ઈચ્છતા હતા. તેથી તેમણે કહ્યું, "સાચી લોકશાહી કેન્દ્રમાં બેઠે બેઠે રાજ્યવહીવટ ચલાવનારા વીસ માણસો નથી ચલાવી શકતા. તે ઠેઠ નીચેથી હરેક ગામના લોકોએ ચલાવવી રહેશે."
ગ્રામસ્વરાજમાં દરેક ગામડું સર્વ અધિકાર ધરાવતું નાનું વિકેન્દ્રિત રાજકીય એકમ છે. તેથી એમાં પ્રત્યેક વ્યક્તિને હાથે પોતાની સરકારનું ઘડતર થાય છે. તે નિયમ પ્રમાણે નક્કી કરવામાં આવેલી ઓછામાં ઓછી ચોક્કસ લાયકાતવાળાં ગામનાં પુખ્ત ઉંમરનાં સર્વ સ્ત્રી અને પુરુષો દર વર્ષે પાંચ જણની એક પંચાયત ચૂંટી કાઢશે અને તે ગામની સરકાર તરીકે બધાં જાહેર કાર્યો કરશે. આ પંચાયતને જરૂરની બધી સત્તા અને અધિકાર આપવામાં આવશે. તેમાં શિક્ષાની કોઈ પદ્ધતિનો અમલ નહીં હોય. તેથી તે પંચાયત જ પોતે ગામની ધારાસભા, ન્યાયધીશો અને કારોબારી મંડળ બનશે.
આવી રાજ્યવ્યવસ્થામાં જે નાગરિકો હશે તે આત્મનિયંત્રિત હશે સત્તા-નિયંત્રિત નહીં હોય; દરેક વસ્તુ માટે લાચાર બનીને સરકાર સામે મીટ માંડીને બેસી રહેનારા તે નહીં હોય પણ પોતાની આપસૂઝથી કામ કરનારા અને નાગરિક તરીકેની જવાબદારીનું ઊંચું ભાન ધરાવનારા હશે.
સાચી રાજકીય વ્યવસ્થાનું જે અંતિમ ચાલક બળ વ્યક્તિ છે તેનાં પૂર્ણ સ્વાતંત્ર્ય અને વિકાસ માટે સાચી લોકશાહી હંમેશાં કાર્યશીલ હોય છે.

(સૌજન્ય : ગ્રામસ્વરાજ, નવજીવન પ્રકાશન)

# સત્ય વિશે : એક આધ્યાત્મિક હાસ્યલેખ

- ઉર્વીશ કોઠારી

***સત્ય શાશ્વત છે કે સાપેક્ષ છે? તમારું સત્ય એ જ મારું સત્ય છે કે 'મારું' અને 'તમારું' સત્ય અલગ છે? સત્ય હંમેશાં કડવું હોય છે કે મીઠું હોય તેને જ સત્ય તરીકે સ્વીકારવું આપણને ગમે છે? . . . 'સત્ય શું છે?'ની યુગોયુગોથી ચાલતી આવતી ભારેભરખમ ચર્ચામાં પડ્યા વગર મરક-મરક હાસ્ય સાથે 'સત્યના સાચા સ્વરૂપનાં દર્શન' કરાવે છે જાણીતા કોલમિસ્ટ અને હાસ્યલેખક ઉર્વીશ કોઠારી***



દુનિયામાં સૌથી વધારે જૂઠાણાં સત્ય વિશે ચાલે છે. 'બટાટાવડાં' એક જ વસ્તુ હોવા છતાં કોઈ બે દુકાનનાં બટાટાવડાં એકસરખાં હોતાં નથી. એવું જ સત્યનું છે. એનો અર્થ એમ નહીં કે સત્ય બટાટાવડાં છે કે બટાટાવડાં સત્ય છે.

મહાપુરુષો, મહાસ્ત્રીઓ અને મહાપુસ્તકો કહે છે કે સત્ય શાશ્વત છે, પરંતુ સત્ય અનેક આકાર-પ્રકાર-સ્વરૂપ-પૅકિંગમાં મળે છે અને ગૂંચવાડા સર્જે છે. 'સત્યના પ્રયોગો' લખનાર ગાંધીજીનું સત્ય અને 'સત્યમ્ શિવમ્ સુંદરમ્' બનાવનાર રાજ કપૂરનું સત્ય કેટલી હદે અલગ હોય છે, એ રાજ કપૂરની હીરોઇનને પૂછવાની જરૂર નથી. સાઇકલ લઈને કાર-ડ્રાઇવરની નોકરી કરવા જતા માણસનું સત્ય અને એ કારની પાછલી સીટ પર બેસનારાનું સત્ય અલગ હોય છે. શ્રાવણ મહિનામાં અઢીસો-પાંચસો ગ્રામ બફવડાં ઝાપટીને ઉપવાસ કરનારાનું અને દેશભકિતનાં ગીતો સાંભળીને દેશપ્રેમનો અનુભવ કરનારાનું સત્ય પણ અલગ હોય છે.

આ સંજોગોમાં સત્યની સ્થિતિ કોઈ ફરસાણ-ચવાણાંની પ્રખ્યાત દુકાન જેવી થાય છે. એક જ જગ્યાએ એકસરખાં લાગતાં નામની ચાર-પાંચ દુકાનો હોય અને દરેક દુકાન પોતાનો ચેવડો કે પોતાની વેફર 'પેલી અસલ, મુલક મશહૂર ચીજ છે' એવો દાવો કરે છે. તેનાથી મુમુક્ષુઓ મૂંઝવણમાં મુકાય છે. અંતિમ, નિર્ભેળ સત્ય સુધી પહોંચવું કેટલું કઠણ છે અને માર્ગમાં કેવા ભટકાવ આવે છે એનો પ્રત્યક્ષ અનુભવ તેને થાય છે. સત્યની શોધમાં આધ્યાત્મિક-આંતરિક જ્ઞાનનો ઉદય ફરસાણની દુકાને પણ થઈ શકે છે.

કૂતરું-બિલાડી-પોપટ-ગાય-ભેંસ પાળવાની પ્રથા પ્રચલિત છે. મોટા ભાગના લોકો કૂતરાં-બિલાડી-પોપટ-ગાય-ભેંસની જેમ જ પોતપોતાનું સત્ય 'પાળે' છે અને તેને મનમાન્યૉ કામ કરવા પળોટે છે. પાળેલા કૂતરાની માફક તેમનું સત્ય તેમની ઇચ્છા મુજબ પૂંછડી પટપટાવતું ઊભું રહી જાય છે અને ઇચ્છે ત્યારે તે 'લે, છૂ...છૂ' કહીને પોતાના સત્યને બીજા પર છોડી મૂકે છે. પોતાના પાળેલા સત્યનો ઉપયોગ બીજાને બટકાં ભરાવવાના કામમાં લેનારા સત્યવાદીઓ હરિશ્ચન્દ્ર કરતાં હિટલર જેવા વધારે લાગે છે.

પોતાની માયામમતા ખાતર પ્રાણીઓ પાળનારાની માફક એક વર્ગ એવો પણ છે, જે અગાઉથી હેતુ નક્કી રાખીને એ પ્રમાણેનું પ્રાણી પાળે છે. ચોરોનો ત્રાસ છે? સલામતીની જરૂર છે? તો અલમસ્ત કૂતરો

પાળો. છોકરાંને જીવતાં રમકડાંની અને પપ્પા-મમ્મીને કહ્યાગરા 'સંતાન'ની જરૂર છે? તો રમકડા જેવું 'ક્યૂટ' કૂતરું પાળો. ઉંદર બહુ થઈ ગયા છે? તો બિલાડી પાળો. 'મીઠું મીઠું' સાંભળવું હોય, તો પોપટ પાળો.

એવી જ રીતે સૌ પોતપોતાની જરૂરિયાત મુજબ પોતપોતાનું સત્ય 'પાળે' છે. અને પરિસ્થિતિ પ્રમાણે તેનો દોહવામાં, દાંતિયા કઢાવવામાં કે બીજાની પાછળ દોડાવવામાં ઉપયોગ કરે છે. ગાંધીજીને કારણે સત્ય, અહિંસા સાથે સંકળાઈ ગયું છે, પણ ખરું જોતાં સત્યનો સીધો સંબંધ હિંસા સાથે હોવો જોઈએ. ચોતરફ જૂઠાણાંનું સામ્રાજ્ય ચાલતું હોય તેમાં સત્ય બોલવાને કારણે વાતાવરણના મઘમઘાટમાં માથાભારે ખટારાએ ધુમાડો છોડ્યો હોય એવી સ્થિતિ સર્જાય છે, વાતાવરણમાં વ્યાપેલાં શાંતિ અને સંતુલન ખોરવાય છે, જેનો અંત શારીરિક કે શાબ્દિક રીતે હિંસક અથડામણમાં આવી શકે છે. સરકારો જાહેરાત સ્વરૂપે મહામહેનતે અને મોટા ખર્ચે ગુલાબી - માયાવી સૃષ્ટિ ઊભી કરતી હોય, તેમાં સત્યના ઉચ્ચારણથી વિઘ્ન આવે છે, જે હિંસાનું કારણ બની શકે છે.

***સૌ પોતપોતાની જરૂરિયાત મુજબ પોતપોતાનું સત્ય 'પાળે' છે ને પરિસ્થિતિ પ્રમાણે તેનો દોહવામાં, દાંતિયા કઢાવવામાં કે બીજાની પાછળ દોડાવવામાં ઉપયોગ કરે છે. ગાંધીજીને કારણે સત્ય, અહિંસા સાથે સંકળાઈ ગયું છે, પણ ખરું જોતાં સત્યનો સીધો સંબંધ હિંસા સાથે હોવો જોઈએ !***

સત્ય સાથે સંકળાયેલી એક દૃઢ માન્યતા એવી પણ છે કે સત્ય હંમેશાં કડવું હોય છે. કેમ જાણે, સત્ય લીમડાના ઝાડ પર ઊગતું હોય! લીમડાના ઝાડ પર આંબાની કલમ ઉગાડવાનો કસબ બહુ થોડા લોકો પાસે હોય છે. બાકીના એમ જ માને છે કે સત્ય કડવું જ હોવું જોઈએ. એટલે નાનાં બાળકોની દવાને સહ્ય બનાવવા માટે તેમાં સ્વાદ-સુગંધ નાખવામાં આવે છે, તેમ સત્યને 'સત્ય' જેવું લગાડવા માટે કડવાશ ઉમેરવાનું ઘણાને જરૂરી લાગે છે. 'સત્ય બોલવું ને પ્રિય બોલવું'ને લોકો તેમાં મામૂલી ફેરફાર કરીને 'સત્ય બોલવું અથવા પ્રિય બોલવું' એ સ્વરૂપે અપનાવે છે.

કડવાશ આયુર્વેદ સાથે અને આયુર્વેદનું માહાત્મ્ય ભારતીય સંસ્કૃતિ સાથે સંકળાયેલું હોવાથી કહી શકાય કે સત્ય કટુ હોય એ જ સંસ્કૃત્યોચિત છે. કડવી દવા ગુણ કરે, એવા (સ્વ)દેશી વિશ્વાસને કારણે સત્યને ગુણકારી બનાવવા માટે તેનું કટુ હોવું એટલી હદે આવશ્યક બની જાય છે કે તે કટુ ન હોય તો સત્ય તરીકે ઓળખાય નહીં. મીઠું સત્ય અવિશ્વાસને પાત્ર બને છે.

બીજી રીતે જોઈએ તો સત્ય એ કારેલું કે કાકડી નથી કે તેની મીઠાશ-કડવાશ વિશે ચર્ચા થઈ શકે. સત્યનો સ્વાદ જ નહિ, સત્ય પોતે સાપેક્ષ હોય છે - અને જેવું સત્ય સાપેક્ષ બને કે તરત તે 'સત્ય એ જ પરમેશ્વર'વાળું સત્ય મટી જાય છે, કારણ કે ખરું માહાત્મ્ય નિરપેક્ષ સત્યનું છે. સાપેક્ષ અને નિરપેક્ષ જેવા શબ્દોથી ગભરાવું નહિ, કારણ કે એવા શબ્દોનો ઉપયોગ મુખ્યત્વે વાચકોને ગભરાવવા માટે થતો હોય છે.

જાણીતા ઉદાહરણથી વાત કરીએ તો 'અશ્વત્થામા મરાયો' એવા સવાલના જવાબમાં યુધિષ્ઠિરે 'ના' કહ્યું હોત તો એ નિરપેક્ષ સત્ય હોત, પણ તેમણે 'હા' પાડી અને 'નરો વા કુંજરો વા' સ્વરૂપે સાપેક્ષતાનું લટકણિયું જોડ્યું. સત્યવાદી ગણાતા યુધિષ્ઠિર ઊઠીને ન્યૂઝ ચેનલ જેવો ધંધો કરશે, એવી દ્રોણને કલ્પના ન હતી. ત્યાર પછી શું થયું એ સૌ જાણે છે, પણ ટીવી ચેનલોનો આદર્શ સંજય નહિ, યુધિષ્ઠિર છે તે આ હકીકત પરથી સ્પષ્ટ થઈ જાય છે. પત્રકારત્વ શીખવતી નિશાળો પણ સંજયને બદલે યુધિષ્ઠિરના દાખલા આપે તે વધારે યોગ્ય નથી?

'ગાંધીજી કહેતા હતા કે. . . .' આ રીતે શરૂ થતાં વાક્યો ગાંધીજી પ્રત્યેના નહિ, પણ તેમને ટાંકનારા પ્રત્યેના અવિશ્વાસને કારણે મોટે ભાગે શંકાની નજરે જોવાતાં હોય છે, પણ તેમણે સત્યને ઈશ્વર ગણાવ્યું હતું એ સૌ સ્વીકારે છે. 'ઈશ્વર સત્ય છે' ને બદલે 'સત્ય ઈશ્વર છે' એવું તેમણે કહ્યું. હિંદુ ધર્મશાસ્ત્રોમાં ઈશ્વરનાં અનેક રૂપ-આવૃત્તિઓ-અવતારો છે, તેમના નામે જે કાંઈ ચાલે છે, તેને સત્ય સાથે ભાગ્યે જ કંઈ લેવાદેવા હોય છે. એ સંદર્ભમાં 'સત્ય ઈશ્વર છે' એવું ગાંધીજીએ કટાક્ષમાં તો નહિ કહ્યું હોય?


અત્યારનો જમાનો 'કસ્ટમાઇઝેશન'નો છે. ગ્રાહક પોતાની જરૂરિયાત પ્રમાણે ઉપકરણો કે પ્રોગ્રામમાં ફેરબદલ કરી શકે છે, પરંતુ સત્યની બાબતમાં 'કસ્ટમાઇઝેશન' સદીઓથી ચાલે છે. સત્ય એક જ હોવા છતાં, સૌનું પોતપોતાનું સત્ય હોય છે, જે બહાર કાઢવા માટે ક્યારેક પોલિગ્રાફ ટેસ્ટની તો કયારેય ટ્રૂથ સીરમ જેવા પ્રવાહીની મદદ લેવી પડે છે. એ રીતે સત્ય પરમેશ્વર છે કે નહિ એ તો કહી શકાય નહિ, પણ બંનેનું અસ્તિત્વ નક્કી કરવાનું કામ એકસરખું અઘરું છે એટલું નક્કી છે

# ગાંધીના સંગમાં સરદારના વ્યંગ

- અશ્વિનકુમાર

***ગાંધીજીની વિનોદવૃત્તિથી આપણે સારી રીતે પરિચિત છીએ. એક પ્રશ્નના જવાબમાં તેમણે એમ કહ્યું પણ હતું કે 'મારામાં વિનોદવૃત્તિ ન હોત તો મેં ક્યારનોય આપઘાત કર્યો હોત' ગાંધીજીના નિર્દોષ વિનોદ સાથે સરદારના હાસ્યવ્યંગની સફર કરાવે છે સંશોધક અને ગૂજરાત વિદ્યાપીઠના પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન વિભાગના અધ્યાપક અશ્વિનકુમાર***

ગાંધીજી અને સરદાર વચ્ચે ત્રીસ વર્ષનો સુવાસભર્યો સહવાસ છે. પ્રારંભમાં મોહનદાસને વલ્લભભાઈ 'અક્કડ પુરુષ' લાગે છે. ગોરંભમાં એ જ સરદાર ગાંધીજીનો 'જમણો હાથ' બની રહે છે. ૯-૧-૧૯૧૫ના રોજ વતન-વાપસી બાદ થોડા વખતમાં ગાંધીજીને 'મહાત્માજી'નું બિરુદ મળ્યું હતું. એ વેળાએ વલ્લભભાઈએ ટીકા કરી હતી કે, "આપણે ત્યાં મહાત્માઓ બેસુમાર છે." ('ગાંધી'સ ટ્રૂથ', એરિક એરિક્સન, પૃ. ૯૦) આ જ વલ્લભભાઈ ગાંધીવિદાયના આઘાતમાં ૯-૨-૧૯૪૮ના રોજ નરહરિ પરીખને પત્રમાં લખે છેઃ "આપણે માથેથી છત્ર ચાલી ગયું." (સરદારશ્રીના પત્રો - ૪' પૃ.૩૬૫)



ગાંધી-સરદાર સંબંધ વિશે કાકાસાહેબ કાલેલકર 'ગાંધીપરિવારના જ્યોતિર્ધરો'માં નોંધે છેઃ "ગાંધીજી અને સરદાર વલ્લભભાઈએ એકબીજાને બરાબર ઓળખ્યા. બંનેને આનંદ હતો કે આપણને એક સારા; લગભગ સમાનધર્મી મળી ગયા. સરદાર વલ્લભભાઈમાં ચારિત્રની ઊંચાઈ ન હોત તો ગાંધીજી એમને પોતાનો 'જમણો હાથ' ન બનાવત. ગાંધીજીમાં તેજસ્વિતા અને તીવ્ર દેશભકિત ન હોત તો વલ્લભભાઈ જેવા માની પુરુષ એમના સિપાહી ન બનત. બંનેના આદર્શની સમાનતા ન હોત તો ત્રીસ વર્ષ સુધી બંનેનો આટલો ઘનિષ્ઠ સહયોગ ચાલી શક્યો ન હોત."

સરદાર વ્યક્તિ તરીકે પાક્કા છે, અભિવ્યક્તિમાં એક્કા છે. પાંચ ફૂટ સાડા પાંચ ઈંચ જેટલી ઊંચાઈ અને એકસો છેતાળીસ રતલ આસપાસનું વજન ધરાવતા વલ્લભભાઈ પાસે અમર્યાદિત, અસાધારણ, અજોડ વિનોદવૃત્તિ છે. તેમની લાયકાત અને વકીલાતથી એમનાં વાણી-વર્તનમાં વ્યંગરંગ ભળે છે. સરદારમાં નિર્ભયતા, નેતૃત્વશક્તિ, નિખાલસતા છે. વ્યંગના ચાબુક મારવા માટે આટલા ગુણો પૂરતા છે! મો. ક. ગાંધી. કરતાં વ. ઝ. પટેલ. ઉંમરમાં છ વર્ષ અને ઓગણત્રીસ દિવસ નાના છે. સરદાર માટે ગાંધીજી સાથે વિનોદ-વિહાર કરવા આટલું વય અંતર પૂરતું ઓછું અને પ્રમાણમાં સલામત છે! 'વિનોદ-વલ્લભ' સરદાર લોકજીવનની વાસ્તવિકતા પણ જાણે છે અને ગાંધીજીવનની નિકટતા પણ માણે છે. મો. ક. ગાંધી સાથે મોકળાશ અનુભવનાર વલ્લભભાઈ સત્યના પ્રયોગવીર સામે વ્યંગના પ્રયોગો કરી શકે છે, કારણ કે ગાંધીજી હસી શકે છે, સહી શકે છે! મોહન-વલ્લભ-મહાદેવના ત્રિવેણી સંગમમાં, યરવડામંદિર સાચે જ દિવ્ય-ભવ્ય-નવ્ય જણાય છે. મહાદેવભાઈની રોજનોંધમાં સરદારના વ્યંગરૂપનું મનોહર દર્શન કરી શકાય છે. 'સરદારઃ એક સમર્પિત જીવન'ના લેખક રાજમોહન ગાંધીના મતાનુસાર, "...આ ડાયરીમાં વલ્લભભાઈનું જીવંત સ્વરૂપ જોવા મળે છે, તેટલું બીજે કશે મળતું નથી..." જાન્યુઆરી, ૧૯૩૨થી મે, ૧૯૩૩ સુધીના ગાંધીસોબતના સોળ માસના જેલજીવનમાં સરદારની વિનોદ-ચાંદની સોળે કળાએ ખીલેલી

અનુભવી શકાય છે. જેલવાસ દરમિયાન ગાંધીજી માટે ખજૂર ધોવાનું, દાતણ કૂટવાનું, સોડા બનાવવાનું.... વગેરે કામ વલ્લભભાઈએ દિલથી સ્વીકાર્યું હતું.

'મહાદેવભાઈની ડાયરી'ના પહેલા ભાગમાં નોંધ છે: વલ્લભભાઈ બાપુને હસાવવામાં બાકી નથી રાખતા. આજે પૂછે: "કેટલાં ખજૂર ધોઉં?" બાપુ કહે:"પંદર!" એટલે વલ્લભભાઈ કહે: "પંદરમાં અને વીશમાં ફેર શું?" બાપુ કહે: "ત્યારે દશ, કારણ દશમાં અને પંદરમાં ફેર શું?" (પૃ. ૯) જમી રહ્યા પછી વલ્લભભાઈ હંમેશની જેમ દાતણ કૂટીને તૈયાર કરવા બેઠા. પછી કહે: "ગણ્યાગાંઠ્યા દાંત રહ્યા છે તો પણ બાપુ ઘસ ઘસ કરે છે. પોલું હોય તો ઠીક પણ સાંબેલું વગાડ વગાડ કરે છે." (પૃ. ૧૩) વલ્લભભાઈની ગમ્મત આખો દિવસ ચાલતી જ હોય. બાપુ બધી 'સોડા' નાખવાનું કહે છે. એટલે વલ્લભભાઈને એક મોટો મજાકનો વિષય થઈ પડ્યો છે. કંઈક અડચણ આવે એટલે કહે: "સોડા નાખોની!" અને એની હાસ્યજનકતા બતાવવાને સારુ... વૈદ્યના નેપાળાની વાત કરીને ખૂબ હસાવ્યા.(પૃ. ૧૪)

ગાંધીજી જેલમાં ક્યારેક મોડે સુધી બેસીને બહુ કાગળો લખાવતા. આ અંગે મહાદેવભાઈ નોંધે છે: "વલ્લભભાઈ પણ હવે મંત્રીની પદવીને ચઢ્યા અને ઢગલા કાગળો ઉકેલવામાં મદદ કરવા લાગ્યા. એમને તો પાછું મનગમતું કામ. એમના વિનોદનો ફુવારો તો ચાલતો જ હોય.

કોઈના કાગળમાં જોયું કે સ્ત્રી કુરૂપ છે એટલે ગમતી નથી, એટલે તુરત બાપુને કહે: "લખોની કે આંખ ફોડી નાખીને એની સાથે રહે, એટલે કુરૂપ જોવાનું નહીં રહે!" (મહાદેવભાઈની ડાયરી, ભાગ-૨, પૃ. ૨૭૫)

સરદાર પાસે સચોટ તળભાષા જીભવગી છે. ગાંધીજી કહે છે: "વલ્લભભાઈની ખેડૂતી ગુજરાતી તેની પાસેથી કોઈ હરી જ ન શકે." (કિ. ઘ મશરૂવાળાને પત્ર, ૨૧-૯-૧૯૩૨) આ જ રીતે સરદારના વિનોદ - સામર્થ્ય વિશે ગાંધીજી 'હરિજન' (૨૫-૨-૧૯૩૩)માં લખે છે: "... મારી પાસે સરદાર વલ્લભભાઈ પટેલ રૂપે એક લાડકો વિદૂષક છે. તેઓ મને પોતાની અણધારી ગમ્મતની વાતોથી હસાવીને લગભગ બેવડ વાળી દે છે. તેમની હાજરીમાં ખિન્નતા પોતાનું ભૂંડું મુખ છુપાવીને ભાગી જાય છે. ગમે તેવી ભારે નિરાશા પણ તેમને લાંબો વખત ઉદાસ રાખી શકતી નથી અને તેઓ મને એકથી બીજી મિનિટ માટે ગંભીર રહેવા દેતા નથી. તેઓ મારા 'સાધુપણા'ને પણ છોડતા નથી!...." ('ગાંધીજીનો અક્ષરદેહ', ૫૩ઃ૪૫૦)

***"ગાંધીજી અને સરદાર વલ્લભભાઈએ એકબીજાને બરાબર ઓળખ્યા. બંનેને આનંદ હતો કે આપણને એક સારા; લગભગ સમાનધર્મી મળી ગયા. સરદાર વલ્લભભાઈમાં ચારિત્રની ઊંચાઈ ન હોત તો ગાંધીજી એમને પોતાનો 'જમણો હાથ' ન બનાવત. ગાંધીજીમાં તેજસ્વિતા અને તીવ્ર દેશભકિત ન હોત તો વલ્લભભાઈ જેવા માની પુરુષ એમના સિપાહી ન બનત***


સરદાર ખિન્ન નહિ, પ્રસન્ન રહેવા માટે સર્જાયેલા છે. ગાંધીકથાકાર નારાયણ દેસાઈ 'મને કેમ વીસરે રે?'માં લખે છેઃ "સરદારનો વિનોદ એમની આંતરિક પ્રસન્નતામાંથી સ્ફુરતો. અલબત, એ કોઈ વાર સામાને દઝાડે એવો આકરો પણ થઈ જતો. કદાચ વકીલાતના જમાનાના એ સંસ્કાર હશે. પરંતુ કઠોર ગણાતા સરદારના હૃદયમાં જો વિનોદ અને હાસ્યરસનાં ઝરણાં ન હોત તો જીવનની આટઆટલી આકરી કસોટીઓમાંથી પાર ન ઊતર્યા હોત." આપણે સરદારના જીવનમાંથી એટલું તો પામીએ કે હાસ્ય એ જિંદગી જીવવાનું રહસ્ય છે.

આજના મોટા ભાગના લોકનેતાઓનાં વિચાર-વાણી-વર્તન ઓછા હાસ્યપ્રેરક અને વધારે હાસ્યાસ્પદ છે. સરદાર જેવો વિનોદ પ્રગટાવવા માટે અણીશુદ્ધ ચારિત્ર, તળનો સંપર્ક, સમસ્યાની સમજણ, લોકભાષામાં અભિવ્યક્તિ અને ગાંધીજી જેવા જીવન-કવનનો સંગ પણ જોઈએ!

### તમે એમ ધારો છો કે...

એક કીડી પણ તમારી મદદ વિના મરી જશે? આમ કહેવું એ તો ઈશ્વરની મોટામાં મોટી નિંદા થઈ. દુનિયાને તમારી જરા જેટલી પણ જરૂર નથી. ઈશ્વરને માટે કાર્ય કરવાની આપણને તક આપવામાં આવી તે માટે આપણે આપણી જાતને ધન્ય માનવી જોઈએ. તમારા મનમાંથી 'મદદ' એ શબ્દ કાઢી નાખો. તમે મદદ કરી શકો નહિ. 'મદદ કરું છું', એમ કહેવું એ તો ઈશ્વરની નિંદા બરોબર છે. -સ્વામી વિવેકાનંદ

(સૌજન્ય : પુસ્તક 'યુવાનોને' - સ્વામી વિવેકાનંદ, શ્રીરામકૃષ્ણ આશ્રમ- રાજકોટ)




# 'અમે સેવા નહિ, પ્રેમ કરીએ છીએ'

- કેતન રૂપેરા


સુરેશ સોની

સુરેશ સોની. રચનાત્મક ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોમાં આ નામ અજાણ્યું નથી. બહુમતી લોકો એ જાણે છે કે સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર-ઉદેપુર નેશનલ હાઈવે પર રાજેન્દ્રનગર ચોકડી પાસે આ વ્યક્તિ કુષ્ઠરોગીઓના જીવનમાં અજવાળું પાથરવાની ધૂણી ધખાવીને બેઠી છે. ઘણા ખરાને એ પણ ખ્યાલ છે કે છેલ્લા પીસ્તાળીસેક વર્ષથી કરાતા આ સેવાકાર્ય બદલ વિવિધ ટ્રસ્ટ અને સંસ્થાઓથી લઈને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તારના મળી સોએક જેટલાં માન-સન્માનપત્ર-ઍવોર્ડસ આ વ્યક્તિ-સંસ્થા મેળવી ચુકી છે. અને એ સિવાયના કે સહિતના સૌ એ વાતાથી વાકેફ છે કે, સ્વૈચ્છિક સંસ્થાઓના સામયિકો-મુખપત્રોથી લઈને મુખ્ય પ્રવાહના દૈનિકો-સામયિકોમાં તેમના સેવાકાર્યની શાહી રેલાઈ છે, રેલાયા કરે છે.... ત્યારે ક્યાંક પ્રશ્ન થાય, બધા બધું જાણે જ છે, તો પછી તેમના વિશે લખવાની જરૂર શી? વાત વાજબી છે.

પણ જાણવા મળ્યું, "ત્યાં રક્તાપિત્તના દર્દીઓ રેંટિયો ચલાવે છે, (એમાંથી સાજા થયેલા ત્યાં કાયમી નિવાસ કરીને રેંટિયાથી ગુજરાન પણ ચલાવે છે એ તો ત્યાં જઈને ખબર પડી.), સૂતર કાંતે છે." "ના હોય?!" ઉદ્ગાર સરી પડ્યો. તો 'ગ્રામનિર્માણ'માં અલગ ઍંગલથી એક લેખ થઈ શકે. ખાદી ગ્રામોદ્યોગ બૉર્ડનું સામયિક છે એટલે ખાદીની વાત આવે એ પહેલું કારણ અને ગાંધીજીના ઘણાં સપનાંમાંનું એક અધૂરું રહી ગયેલું તે - રક્તાપિત્તના દર્દીઓની સેવા કરવી – હતું તે આ કુટુંબ કરી રહ્યું છે એ બીજું કારણ. જો આ રોગના કે તેમાંથી સાજા થયેલા, ગાંધીજીના સપનાનું સ્વરાજ સાકાર કરવામાં 'ખિસકોલી કાર્ય' પણ કરતા હોય તો - તેની ફરી ફરીથી નોંધ લેવાવી જોઈએ. એટલે લીધી સંસ્થાની મુલાકાત...



શું વધારે જોવાલાયક છે? ગોરમટી માટીથી શોભતું આ મેદાન કે રમતનો પૂરેપૂરો આનંદ લૂંટી રહેલા બાળકો? શહેરોની કેટલીક જાણીતી ને વખણાતી શાળાઓમાં પણ હવે આવા ખુલ્લાં ને મોટાં મેદાનો સ્વપ્નવત છે ત્યારે સહયોગ ટ્રસ્ટમાં ધરતીના ખોળે ને વૃક્ષની છાંયમાં રમતાં આ બાળકોનું બાળપણ વધું આનંદમય છે.



આવા એક નહિ ૩૦ બ્લોક્સ છે, રક્તપિત્તગ્રસ્તોના આવાસોને મધર ટેરેસા બ્લોક, સ્વામી વિવેકાનંદ બ્લોક, કસ્તુરબા કુટિર, ઉમાશંકર જોશી બ્લોક જેવાં નામો અપાયાં છે. 'હર ઘર કુછ કહેતા હૈ'ની જેમ અહીં દરેક બ્લોક જીવનમાં કશું કરી છૂટવાની પ્રેરણા આપી જાય છે.



દરેક ઘરની સામે તુલસી ક્યારો છે, જ્યાં નિશ્ચિત સમયે ઘંટ વાગે એટલે તુલસી પૂજા અને પ્રાર્થના થાય છે. દરેક ઘરમાં ગાંધીજી, સ્વામી વિવેકાનંદ અને હનુમાનજીની તસવીરો પણ મુકવામાં આવી છે, જાણે દરિદ્રનારાયણની સેવા અને હંમેશાં સેવકભાવ રાખીને જ કર્મ કરવાની પ્રેરણા ન આપતી હોય!



કાંતણ ઉપરાંત અહીં મોચીકામ, વેલ્ડિંગ કામ જેવા અન્ય કામોની પણ તાલીમ આપવામાં આવે છે. મંદબુદ્ધિવાળા અને અર્ધ અપંગ રક્તપિત્તગ્રસ્તોને આ વ્યવસાયોની તાલીમ અને રોજી આપવામાં આવે છે. જેને જે પ્રકારના કામમાં રસ પડે એ કામ કરીને પોતાને વ્યસ્ત અને મસ્ત રાખે છે.

મુલાકાત દરમિયાન જેમ જેમ સંસ્થાની કામગીરીનો પરિચય થતો ગયો તેમ તેમ રેંટિયો અને સૂતર અમારા માટે ગૌણ બનતા ગયા. જાતે બાંધેલી ફ્રેમમાંથી બહાર આવતા ગયા. પછી તો ચર્ચાનો ચાકડો એવો ફર્યો કે એક મુલાકાતે વાત ન અટકી, બીજી મુલાકાત લીધી જ લીધી. આ મુલાકાત દર્શનની કક્ષાએ પહોંચી. કારણ? સુરેશભાઈ પોતે અને તેના કારણે જ તેમની સંસ્થા, બે માંથી કોઈ, એકેય વાડામાં બંધાયેલા નહોતા. સંસ્થામાં પ્રવેશતા જ ડાબી બાજુ મંદિર આવે પણ મંદિરમાં મુખ્ય ભગવાન-દેવી શિવ-પાર્વતી, સરસ્વતી કે હનુમાનજી જેટલું જ ધ્યાન ખેંચે ઘુમ્મટની અંદરનો, અનેક મહાપુરુષો-દેવીઓના ચિત્રવાળો ભાગ. અહીં એક, બે, પાંચ કે પંદર નહિ પૂરાં ૩૨ ચિત્રો છે. 'આટલા મહાપુરુષોના ચિત્રનું કારણ?' પૂછતા જ સુરેશભાઈ સહજ નમ્રતા અને સ્મિત સાથે જવાબ વાળે, 'આ બધા મારા આદર્શ છે.' ત્યારે ધ્યાન વળીને ફરી પાછું ચિત્રો તરફ જાય. કેમકે એમાંનાં કેટલાકના જીવન-કવન વિશે તો આપણને ખ્યાલ ન જ હોય. થોડાક ધ્યાનથી નામ વાંચતા જણાય કે, આ બધા મહાપુરુષો અલગ અલગ ધર્મ-સંપ્રદાયના હતા અને કોઈ પણ ધર્મ કરતાં માનવધર્મમાં માનનારા વધુ હતા. જલારામ બાપા હોય તો આલ્બર્ટ આઇન્સટાઇન પણ હોય, સંત દેવીદાસ હોય તો ફાધર ડેમિયન પણ હોય, સતી અનસૂયા હોય તો મધર ટેરેસા પણ હોય... આ જાણીએ ત્યારે ૨૪ ગુરુ કરનાર ભગવાન દત્તાત્રેય પણ યાદ આવે. જેમની પાસેથી અને જ્યારે પણ જે પ્રેરણા-જ્ઞાન મળે તે લઈ લેવાનાં. એ સુરેશભાઈ ૬૮ વર્ષની ઉંમરે પણ કરી રહ્યા છે.

કુષ્ઠરોગીઓની સેવામાં ૪૫ વર્ષથી કામ કરતાં કરતાં સુરેશભાઈને ગાંધીવિચારની અનેક સંસ્થા અને મહાનુભાવો સાથે પરિચયથી લઈને ઘરોબો કેળવવા સુધીના સંબંધો બંધાયા, એમાં ગાંધીજીના ૧૮ રચનાત્મક કાર્યો પૈકીનું એક તે રક્તપિત્તગ્રસ્તોની સેવા ભલે નિમિત્ત બન્યું પરંતુ સહજ ક્રમમાં જ ખાદી પહેરતી થઈ ગયેલી આ વ્યક્તિ માટે કોઈને પણ થાય એવું એક આશ્ચર્ય. રક્તપિત્ત કે કુષ્ઠરોગના દર્દીઓની સેવાનું કાર્ય હાથમાં લીધાના ઘણા વર્ષો સુધી તેમણે ગાંધીજીને વાંચ્યા નહોતા. તેમને ખબર સુદ્ધાં નહોતી કે ગાંધીજીનાં રચનાત્મક કાર્યોમાં રક્તપિત્તોની સેવા પણ છે. તો બાળપણમાં વવાયેલું કયું બીજ વટવૃક્ષ બન્યું? સુરેશભાઈ જણાવે છે, ''ઘરમાં મારા પિતા હરિલાલે આપેલા સંસ્કાર, હાઇસ્કૂલમાં ક્લાસ ટીચર બી.એસ. જોષીએ કરેલું ઘડતર અને કૉલેજકાળમાં ર.વ. દેસાઈ અને મુન્શી પ્રેમચંદનાં લખાણો. ર. વ. દેસાઈની 'ગ્રામલક્ષ્મી' નવલકથાએ મને ઘણું વિચારતો કર્યો.'' પણ એમના સાથે ખભેખભો મિલાવીને એટલી જ નિષ્ઠા અને ખંતપૂર્વક કાર્ય કરતા ધર્મપત્ની ઇંદિરાબહેનના સમય-સંજોગો-ઉછેર કંઈક અલગ હતા. એમના માટે આ સહજ ન હતું. ખાધેપીધે સુખી એવા સોની પરિવારમાં ઉછરેલા



ઇન્દિરા બહેન માટે તો યુવાનીમાં પ્રવેશેલી કોઈ પણ કન્યાના જે કોડ હોય તે જ બધાં હતાં. માગું આવ્યું એટલે સુરેશભાઈનો (એમના શબ્દોમાં) ફક્ત ૧૭ પાનાંનો પત્ર ઇન્દિરા બહેન પર ગયો. તેમાં પોતે કેવી રીતે જીવન જીવવા માગે છે તેની વાત લખી હતી. ઇન્દિરાબહેનને લાગ્યું, ''છોકરો આટલું સરસ વિચારે છે, મેથ્સમાં એમએસસી થયેલો છે, હા તો પાડી જ દેવી જોઈએ. એ તો પછી હું 'સુધારી નાખીશ.' '' ને લગ્ન થયાં.

લગ્નજીવન આમ શરૂ થયું... એક બાજુ વડોદરામાં એમ.એસ. યુનિવર્સિટીની ફેકલ્ટી ઑફ ટેકનોલોજીમાં મેથ્સના અધ્યાપક તરીકે નોકરી ચાલે અને બીજી બાજુ પત્ની સાથે લેપ્રસીની સરકારી હોસ્પિટલમાં સેવાકાર્ય ચાલે. ઇન્દિરાબહેન કહે છે, ''પહેલાં તો તે સારવાર કે મલમપટ્ટી કરે તો તેનાથી હું દૂર રહેતી પણ ધીરે ધીરે દર્દીઓનો પ્રેમ મનેય એટલો બધો મળવા માંડ્યો કે મારી બધી સૂગ જતી રહી. પછી તો હું એમના માટે ઢોકળા, થેપલાં બધું લઈ જવા માંડી. એમની જે ખાવાની ઇચ્છા હોય તે પૂરી કરતી.''

આ રીતે 'ચલતે ગયે, ઔર કારવાં બનતા ગયા.' સમય જતાં અનેક મિત્રો, વડીલો, શિક્ષકો, ઉદ્યોગપતિઓ કામમાં જોડાયા. શ્રમમંદિર નામે વડોદરામાં સંસ્થા રજિસ્ટર્ડ થઈ. વધતી જતી કુષ્ઠરોગીઓની સંખ્યા સામે દંપતિના પ્રેમઅને દાતાઓના સાથ-સહકારથી આપવામાં આવતી સવલતોમાં પણ વધારો થતો ચાલ્યો. આગળ જતાં સરકાર દ્વારા શ્રમમંદિર માટે શિનોર નજીક સિંધરોટમાં કોતરોની જમીન ફાળવાઈ. ર.વ. દેસાઈની 'ગ્રામલક્ષ્મી'ના નાયક અશ્વિન જેવો આ જીવ ભણતર પૂરું કર્યા પછી જીવનકાર્યની શોધમાં અમદાવાદની બહેરા-મૂંગાની શાળા, અંધજન મંડળ અને લોકભારતી-સણોસરાય જઈ આવેલો. પણ છેવટે સહજક્રમે હાથ લાગેલા આ કાર્યમાં જ તેને જીવનનો સંતોષ અને આનંદ મળી રહ્યા હતા. ''દીકરા, તું તારે જે કરે છે, એ કરે રાખ. કુટુંબની ચિંતા કરતો નહિ.'' કહેતા હોય તેમ પિતા હરિલાલ પણ ક્યારેક ક્યારેક સંસ્થાની મુલાકાત લેતા અને દાદા-દાદી બંને બાળકોની સંભાળ રાખતા. બીજી બાજુ 'એમને સુધારી નાખીશ.' માનનારી પત્ની સુરેશભાઈના રંગમાં રંગાઈ રહી હતી. કુષ્ઠરોગીઓની સારવારથી સૂગ અનુભવતી એ કુષ્ઠરોગીઓનો અપાર સ્નેહ મળતાં પોતે પણ સ્નેહ વરસાવ્યા વગર રહી શકતા નહોતા. આગળ જતાં લેપ્રસીના દર્દીઓ માટે વ્યક્તિગતથી લઈને સામૂહિક રહેવાસ અને રસોડાની વ્યવસ્થા પણ થઈ ગઈ હતી.... જીવનરથનાં બે પૈડાં સૌના સાથ સહકારથી આગળ વધી રહ્યાં હતાં. પણ જેમ દરેક સફરમાં ક્યાંક નાનો-મોટો અવરોધ આવે તેવી સ્થિતિનું નિર્માણ થયું.

સંસ્થાથી અલગ થવાનો નિર્ણય લેવો પડ્યો. સંસ્થાને જ જીવન સમર્પિત કરવાનું નક્કી કર્યું હોઈ નવ વર્ષ પહેલાં જ ઍન્જિનિયરિંગ ડિગ્રી



૧૫મી ઑગષ્ટ, ૨૦૦૫ના રોજ હિંમતનગર મુકામે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે શ્રી સુરેશ સોનીનું સન્માન.

કૉલેજમાંથી નોકરી છોડી દીધી હતી. એટલે હવે ઘર ચલાવવું કેવી રીતે, એ સમસ્યા સર્જાઈ. સુરેશભાઈ ફરી નોકરીની શોધમાં લાગ્યા. પ્રતિભામાં હવે અનુભવો પણ ઉમેરાયા હોઈ વધારે ઇન્ટરવ્યૂઝ ન આપવા પડ્યા. પોલીટેકનિક કૉલેજમાં શિક્ષક તરીકે નોકરી મળી ગઈ. પણ આદરેલું અધૂરું ન છોડવાનો નિર્ધાર હોઈ કાયમી નોકરી જતી કરી, છ મહિના માટેની ટેમ્પરરી નોકરી સ્વીકારી. જમીનની શોધ ચાલુ હતી પણ કશું નક્કર બની રહ્યું ન હતું. બીજી બાજુ શ્રમમંદિરમાં રહેતા ઘણા રહેવાસીઓ સુરેશભાઈ સાથે જ રહેવાનો નિર્ધાર કરી ચુક્યા હતા. સુરેશભાઈએ હાલ તુરત તેમને સાથે રાખી રહેવાની અશક્તિ દર્શાવી, ત્યારે લેપ્રસીના દર્દીઓ તરફથી મળેલો જવાબ યાદ આવતા હજુ પણ આ દંપતિ ગદ્‌ગદ્ થઈ જાય છે. ''અમે ફરીથી ભીખ માગીશું, એમાં પહેલાં તમારા બાળકો અને તમે જમશો, પછી અમે જમીશું.''

લેપ્રસીમાંથી સાજા થયેલા લોકોને સમાજમાં ભળી જઈ કામધંધો-નોકરી કરવાની ઇચ્છા હોવા છતાં તેમને અસ્પૃશ્ય ગણી કોઈ રાખતું નથી એટલે તેમણે ના છૂટકે ભીખ માગવી પડે છે. એ જન્મથી કે દાનતથી ભીખારી નથી હોતા, ભીખ માગવી એ તેમની મજબૂરી હોય છે. એ સુરેશભાઈએ તેમની સાથેની વાતચીતમાં જ, આ કામ હાથમાં લેતાંની સાથે જ ૧૯૬૬-૬૭માં, એક મેથ્સના વિદ્યાર્થીની રૂએ અને ઢબે જાણી લીધું હતું. એટલે તેમણે આ વિકટ પરિસ્થિતિ ફરી સ્વીકારવી નહોતી. બન્યું પણ એવું જ. કુદરતનેય એવી સ્થિત મંજૂર નહોતી. શિક્ષક તરીકેની છ





મંદબુદ્ધિ અને કુષ્ઠરોગીઓના કાંતણનાં નિયમિત વર્ગો ચાલે છે. ઉત્સાહથી કાંતણકામ કરતાં આ ભાઈઓ-બહેનો મહિને સરેરાશ બે હજાર મીટર જેટલું કાપડ વણી શકાય તેટલું કાંતી લે છે.



સંસ્થામાં હજારેક ઉપરાંતના રહેવાસીઓ હોય એટલે દૂધ ખરીદવા કરતાં ગાયો જ રાખી ગૌશાળા ચલાવવી લેવી એ ડહાપણભર્યું કહેવાય. એટલે જ્યારે કોઈ પણ સંસ્થા ગાયો રાખવા ઇચ્છે એ ગાભણી કે તેમ થવાની શક્યતા ધરાવતી ગાય હોય, વસુકેલી નહિ. પરંતુ સમાજ જેને તરછોડે તેને અહીં પ્રથમ આવકાર મળતો હોઈ ૩૪ વસુકેલી ગાયોની સારસંભાળ રાખવામાં આવે છે.



સહયોગ ટ્રસ્ટ માત્ર રક્તપિત્ત, મંદબુદ્ધિ કે વિકલાંગો માટેનું આશ્રયસ્થાન જ નથી. સામાન્યજનોને પણ સહયોગ પૂરો પાડે છે. પંચમહાલથી અંબાજી પગપાળા યાત્રા કરનારા ભક્તો માટે ટ્રસ્ટમાં વર્ષોથી રાત્રિરોકાણ અને દિવસે આરામની વ્યવસ્થા છે. મંદિર તેમના માટે ચોવીસેય કલાક ખુલ્લું હોય છે. સીધુસામગ્રી હોય તો મેદાનમાં રસોઈ કરવાનીયે છૂટ છે અને આ કશા માટે યાત્રીઓ પરવાનગી લે તો ઠીક છે, નહિ તો ભલે પધાર્યાનો ભાવ સાબૂત છે.



સુરેશભાઈ દૃઢપણે માને છે કે, મારા આ કાર્યથી જે ગામની સીમમાં હું રહું છું તેને શો લાભ? જે ગામે મને પોતાનો ગણીને અપનાવ્યો છે, એ ગામલોકો માટે પણ મારે કશુંક કરવું જોઈએ.'' પોતાને આશ્રમની જમીનના ટ્રસ્ટી (ગાંધીવિચાર મુજબ) જ માત્ર માનીને તેમણે ગામમાંથી શહેરમાં અપડાઉન કરતા લોકો માટે વિનામૂલ્યે પાર્કિંગની વ્યવસ્થા કરી છે. જોકે ત્યાંય સુરેશભાઈના વ્યક્તિત્વની અસર વર્તાયા વિના રહેતી નથી. વ્યસની લોકોને સંબોધતું નોટિસ બોર્ડ ટીકાવી જ દીધું છે, ''બીડી, સિગારેટ, ગુટખા, તમાકુ, પાનમસાલા ખાઈને તમારું સ્વાસ્થ્ય ન બગાડો. (તમારું સ્વાસ્થ્ય તમારે બગાડવું હોય તો ભલે, પણ દિવાસળી, ખાલી પડીકીઓ, ઠૂંઠા વગેરે ડબ્બામાં જ નાખો)''



રમેશ એમબીએ કરે છે. એમબીએ પાસ કરીને બહારની દુનિયામાં બે-ચાર વર્ષનો અનુભવ લઈ આવ્યા પછી તેણે પોતાનું જીવન સંસ્થાને સમર્પી દેવાનું નક્કી કર્યું છે. કેમ? રમેશ જાણે છે કે માતા-પિતા બંને લેપ્રસીથી પીડાઈને મૃત્યુ પામ્યા હોય, તેમનું બાળક જો બહારની દુનિયામાં હોત તો મોટેભાગે ભીખ જ માગતું હોત. પણ અહીં તે સ્વમાનપૂર્વકનું જીવન જ માત્ર નથી જીવતો, પોતે ઇચ્છ્યું એ લાઈનમાં એને આગળ વધવાની તક સંસ્થાએ આપી છે. અન્ય રાજ્યોનાં મળી અહીં ૨૧૫ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ ભણી રહ્યાં છે.



અહીંના રહેવાસીઓને ગુજરાન ચલાવવા માટે માત્ર તાલીમઅને રોજગારી જ નથી અપાતી. તેઓ પોતાની કમાણીમાંથી નિયમિત બચત કરે તેવી પણ વ્યવસ્થા કરાઈ છે. સૂતરની દર આંટીએ ૫૦ પૈસા લેખે થયેલી વીસ હજાર રૂપિયા ઉપરાંતની બચતમાંથી આ દંપતિને પોતાની દીકરી પરણાવ્યાનો આનંદ છે.

મહિનાની નોકરી પૂરી પણ ન થઈ ત્યાં સર્વોદય આશ્રમ-માઢીથી અગ્રણી રચનાત્મક કાર્યકર રામુભાઈ ચી. પટેલનો ફોન આવ્યો. અને સુરેશભાઈના શબ્દોમાં કહીએ તો, ''કોઈ પણ શરત વગર સામેથી ૨૮ એકર જમીન એમણે દાનમાં આપી.'' ઈ.સ. ૧૯૮૮માં 'સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ'ની સ્થાપના થઈ. પછી શું થયું એના વિશે સુરેશભાઈ નહિ, તેમની કામગીરી વિશે લખાયેલાં અનેક લેખો અને અપાયેલા અનેક સન્માનો બોલે છે.

આજે સર્વોદય આશ્રમ-માઢીની ૨૮ એકર જમીન, ગુજરાત સરકાર તરફથી વિના કિંમતે મળેલી ૧.૫૪ એકર જમીન અને વેચાતી લીધેલી ૧.૩૫ એકર જમીનમાં અનેક દાતાઓના દાનકર્મથી ૬૦૦ જેટલા રક્તપિત્તગ્રસ્તો અને તેમનાં બાળકો, ૪૦૦ જેટલા મંદબુદ્ધિવાળા ભાઈઓ-બહેનો, આઠ વિકલાંગો અને આસપાસનાં ગામમાંથી આ સૌની સારસંભાળ માટે આવતા ભાઈઓ-બહેનો સાથે સુરેશભાઈનો પરિવાર એવી રીતે રહે છે, જાણે એક નાનકડું આદર્શ ગામ! (૧૦૦૦ જેટલી વસતિ હોવાના કારણે સંસ્થામાં એક અલાયદું મતદાન બૂથ પણ છે.)

સંસ્થાદર્શન પછી વિદાય લેતી વખતે ઇન્દિરા બહેન કહે છે, ''મેં જો એમનો પત્ર વાંચીને હા ન પાડી હોત તો આજે હું પસ્તાતી હોત. સોની દાગીના ઘડે, આ સોનીએ મારું ઘડતર કર્યું. ખૂબ બધા રૂપિયા કમાઈનેય જીવનનો જે આનંદ કે સંતોષ ન મળે એ મને આજે સહયોગમાં સૌની સાથે રહીને મળી રહ્યો છે.''

મેડિકલ સાયન્સ મુજબ રક્તપિત્ત સૌથી હળવો ચેપી રોગ છે. કોઈ પણ વ્યક્તિને ચેપ લાગ્યો હોય તો કોઈ પણ તબક્કે તેની સારવાર થઈ શકે છે, અને મટી પણ શકે છે. તેમ છતાં આપણા સમાજમાં આ જાગૃતિના અભાવે જ્યારે કુટુંબીજનો સહિત સમાજનો મોટો હિસ્સો આ રોગગ્રસ્તોને સ્વીકારે નહિ ત્યારે તેમને જીવન સમર્પી દેનાર આ દંપતીના સેવાકાર્યની નોંધ લેવાય એટલી ઓછી છે. એમના માટે નહિ, રક્તપિત્તગ્રસ્તોએ કોઈ પણ જાતની અસ્પૃશ્યતાથી પીડાવું ન પડે એ માટે, તેમનાં બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે. બાકી, આ દંપતી તો 'અમે સેવા નહિ, પ્રેમ કરીએ છીએ.' તેમ કહી પ્રેમ કરતા રહેવાના, સામો પ્રેમ પણ મેળવતા રહેવાના.

**વેચાણઆંક રૂપિયા પોણા ત્રણ કરોડને પાર કરી ગયો**

# અમદાવાદમાં યોજાયો સતત બીજા વર્ષે રાષ્ટ્રીય કક્ષાનો ખાદી ઉત્સવ

- વિશેષ પ્રતિનિધિ

- **૨૨ દિવસ** માટે યોજાયો ખાદી ઉત્સવ - ૨૦૧૨
- **૧૩ રાજ્યો**ની વિવિધ સંસ્થાઓએ ભાગ લીધો
- **૨૦૪ સ્ટોલ્સ**માં ખાદી-ગ્રામોદ્યોગ અને માટીકામ-કલાકારીની ચીજવસ્તુઓનું વેચાણ
- **૧,૩૮,૦૦૦ લોકો**એ લીધી મુલાકાત
- **૨,૮૨,૦૦,૦૦૦ રૂ.**ને પાર કરી ગયો વેચાણઆંક







ગત વર્ષે ખાદી ઉત્સવ – ૨૦૧૧ને મળેલા અદ્‌ભુત પ્રતિસાદ અને વિઝિટર્સ બુકમાં અનેક મુલાકાતીઓની વિનંતી – "ખાદી ઉત્સવ દર વર્ષે યોજાવો જોઈએ." – ને ધ્યાને લેતા ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બૉર્ડ દ્વારા આ વર્ષે પણ ખાદી ઉત્સવ યોજવામાં આવ્યો હતો. ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ - મુંબઈ, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ. – વડોદરા અને ગુજરાત ઊર્જા વિકાસ ઍજન્સી – ગાંધીનગરના સહયોગથી અમદાવાદના એ.ઈ.એસ. ગ્રાઉન્ડ – નવરંગપુરા ખાતે તારીખ ૩૧ ડિસેમ્બર '૧૧થી ૨૨ જાન્યુઆરી '૧૨ દરમિયાન યોજાયેલા ખાદી ઉત્સવ-૨૦૧૨માં ખાદી, ગ્રામોદ્યોગ અને માટીકામ-કલાકારીની વિવિધ ચીજવસ્તુઓનાં ૨૦૪ સ્ટૉલ્સમાં પ્રદર્શન સહ વેચાણ થયું અને વેચાણઆંક રૂ. બે કરોડ ને બ્યાંસી લાખ સુધી પહોંચી ગયો. નિર્ધારીત તા. ૧૯ જાન્યુઆરીમાં ત્રણ દિવસ ઉમેરીને ખાદી ઉત્સવ ૨૨ જાન્યુઆરી સુધી લંબાવવો પડ્યો એ હકીકત જ અમદાવાદ સહિત આસપાસના વિસ્તારમાંથી આવતા મુલાકાતીઓના ઉત્સાહની સાખ પૂરતી હતી.


*"ખાદી ઉત્સવની સફળતાનો શ્રેય સરકારશ્રી દ્વારા ચાલતા વિવિધ ક્લસ્ટર ડેવલપમેન્ટ પ્રોજેક્ટ અને ખાદી ગ્રામોદ્યોગ આયોગ તથા ખાદી ગ્રામોદ્યોગ બૉર્ડ સાથે સંકળાયેલા ડિઝાઇનર્સને જાય છે. જમાના સાથે કદમ મિલાવતાં ખાદીની સંસ્થાઓ પણ ખાદીના રંગ અને ડિઝાઇનમાં વૈવિધ્ય લાવી રહી છે."*

**- વાડીભાઈ પટેલ**

**અધ્યક્ષ, ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બૉર્ડ**







તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૧ના રોજ રાજ્યકક્ષાના મંત્રીશ્રી રણજિત ગિલિટવાલાના પ્રમુખ સ્થાને, ખાદી ગ્રામોદ્યોગ આયોગના અધ્યક્ષશ્રી દેવેન્દ્રકુમાર દેસાઈના મુખ્ય મહેમાનપદે અને અમદાવાદ (પશ્ચિમ)ના સંસદ સભ્યશ્રી કિરીટભાઈ સોલંકી તથા ખાદી ગ્રામોદ્યોગ સંઘ સમન્વયના મનુભાઈ મહેતાની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીજીને પ્રિય એવા 'વૈષ્ણવજન...' ભજન અને સર્વધર્મ પ્રાર્થના સાથે ખાદી ઉત્સવ-૨૦૧૨નું ઉદ્‌ઘાટન થયું. જેમાં સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના અધ્યક્ષશ્રી દેવેન્દ્રકુમાર દેસાઈની ખાદી ગ્રામોદ્યોગ આયોગના અધ્યક્ષ તરીકે નિયુક્તિ થવા બદલ કુટિર ઉદ્યોગ રાજ્યમંત્રીશ્રી રણજિત ગિલિટવાલા, ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બૉર્ડના અધ્યક્ષશ્રી વાડીભાઈ પટેલ અને સદસ્ય સચિવશ્રી કિશોર રાવ ડી. IAS દ્વારા સન્માન પણ કરવામાં આવ્યું.

શિયાળાની ઋતુ ચાલતી હોવાના કારણે ઊની ખાદી અને ખંજરપુર ખાદીનાં વસ્ત્રોનું તો ધૂમવેચાણ થયું જ સાથોસાથ કોલકાતા અને ઓરિસ્સાની સાડીઓ, ઑર્ગેનિક ખાદ્યસામગ્રી, હર્બલ સૌંદર્ય પ્રસાધનો અને શૉ પીસ તરીકે શોભી ઉઠતી માટીકામ-કલાકારીની ચીજવસ્તુઓની ખરીદી વિના પણ મુલાકાતીઓ રહી ન શક્યા. છેલ્લાં કેટલાક વર્ષથી વિવિધ શહેરમાં યોજાતાં પ્રદર્શન અને વેચાણ સિવાયના દિવસોમાં પણ ખાદી અને ગ્રામોદ્યોગની ચીજવસ્તુઓનું વેચાણ ઉત્તરોત્તર વધતું જાય છે. બોર્ડના અધ્યક્ષશ્રી વાડીભાઈ પટેલે તેનું કારણ જણાવતા કહ્યું હતું કે, "આનો શ્રેય સરકારશ્રી દ્વારા ચાલતા વિવિધ ક્લસ્ટર ડેવલપમેન્ટ પ્રોજેક્ટ અને ખાદી ગ્રામોદ્યોગ આયોગ તથા ખાદી ગ્રામોદ્યોગ બૉર્ડ સાથે સંકળાયેલા ડિઝાઇનર્સને જાય છે. જમાના સાથે કદમ મિલાવતાં ખાદીની સંસ્થાઓ પણ ખાદીના રંગ અને ડિઝાઇનમાં વૈવિધ્ય લાવી રહી છે." બોર્ડના સદસ્ય સચિવશ્રી કિશોર રાવ ડી.એ પોતાનું અવલોકન વર્ણવતા કહ્યું હતું કે, "ખાદી ઉત્સવમાં જો કોઈ બાબત સૌથી વધુ ઊડીને આંખે વળગી હોય તો તે છે યુવાનોનો ખાદી તરફ વધી રહેલો લગાવ. ખાદીના વધુ પ્રચાર-પ્રસાર માટે આપણે સાથે મળીને ખાદીને એક બ્રાન્ડ તરીકે પણ રજુ કરવાની જરૂર છે."

ત્રણ અઠવાડીયા સુધી ચાલેલા આ ઉત્સવમાં તા. ૧૭ અને ૧૯ જાન્યુઆરીના રોજ ખાદી ગ્રામોદ્યોગની સંસ્થાઓને

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રના તજજ્ઞોના વિચાર અને અનુભવોનો લાભ મળી રહે એ માટે તાલીમ-વર્કશોપ પણ યોજવામાં આવ્યાં. જેમાં *સ્ફૂર્તિ* કાર્યક્રમ સાથે સંકળાયેલા ડિઝાઈનર શ્રીમતિ ગીતા દવે, ગુજરાતની એકમાત્ર ઊની ખાદી ઉત્પાદક સંસ્થાના ગોવિંદસંગ ડાભી, ઈન્ટરનેટ માર્કેટિંગ ક્ષેત્રે અગ્રણી *ફાઈબર ટુ ફૅશન*ના અમર આશિષ ફણસે, દેશમાં સંપૂર્ણપણે સૉલર એનર્જીથી ફૂડ પ્રોડક્શન કરતા એકમાત્ર યુનિટ તાપી ફૂડ્સના ઘનશ્યામ લૂખી, નિફ્ટ સાથે સંકળાયેલા ડિઝાઈનર રવિ જોષી અને શુભાંગી યાદવ, ફૅશન ડિઝાઈનર અનુપમ મજમુદાર અને ખાદી ક્ષેત્રે માર્કેટિંગ માટે ખાદી ગ્રામોદ્યોગ સંઘ સમન્વયના અજય દોશી જેવા નિષ્ણાતોએ પ્રેઝન્ટેશન, ચર્ચા-વિચારણા અને સીધો સંવાદ સાધીને વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓને મહત્વનું ભાથું પૂરું પાડ્યું હતું. છેલ્લા ત્રણેક વર્ષમાં દેશમાં શ્રેષ્ઠ સંસ્થા અને શ્રેષ્ઠ કાંતનાર-વણનાર તરીકે એવૉર્ડ મેળવેલા કારીગરોનું બૉર્ડ દ્વારા આ કાર્યક્રમમાં શાલ ઓઢાડીને સન્માન પણ કરવામાં આવ્યું.

ઉત્સવ દરમિયાન જૂનાં ફિલ્મી ગીતોનો કાર્યક્રમ 'સંગીત-સંધ્યા' અને ગુજરાતની અસ્મિતાને દર્શાવતો કાર્યક્રમ 'ગુણવંતી ગુજરાત' પણ રજુ કરવામાં આવ્યા, જેનાથી ખાદી ઉત્સવ-૨૦૧૨ ખરા અર્થમાં ઉત્સવ બની રહ્યો હતો. ઉત્સવમાં જળવાયેલી સ્વચ્છતા-સુઘડતા પણ ઉડીને આંખે વળગે એવી રહી હતી. શહેર અને રાજ્યના અગ્રણીઓ પણ ખાદી ઉત્સવની મુલાકાત લઈને પ્રભાવિત થયા હતા. **(પ્રતિભંવ:ૅંન. ૧૬)**

અંતે, ગુજરાત રાજ્ય આયોજન પંચના ઉપાધ્યક્ષશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના પ્રમુખ સ્થાને, મહેન્દ્રભાઈ ત્રિવેદી (અધ્યક્ષશ્રી- ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બૉર્ડ), મનસુખભાઈ માંડવિયા (અધ્યક્ષશ્રી, ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ.) અને ઈશ્વરભાઈ ભાવસાર (અધ્યક્ષશ્રી, ગુજરાત ઊર્જા વિકાસ ઍજન્સી)ના અતિથિવિશેષ પદે તથા ખાદી ગ્રામોદ્યોગ ક્ષેત્રે નિસબત ધરાવતા અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં ખાદી ઉત્સવ-૨૦૧૨ની પૂર્ણાહુતિ, નવા વર્ષમાં નવા નિર્ધાર સાથે ગાંધીજીના સપનાનાં સ્વરાજને સાકાર કરવાના અડગ અને ઉત્સાહી કદમરૂપ બની રહી.

*"ખાદી ઉત્સવમાં જો કોઈ બાબત સૌથી વધુ ઊડીને આંખે વળગી હોય તો તે છે યુવાનોનો ખાદી તરફ વધી રહેલો લગાવ. ખાદીના વધુ પ્રચાર-પ્રસાર માટે આપણે સાથે મળીને ખાદીને એક બ્રાન્ડ તરીકે પણ રજુ કરવાની જરૂર છે."*

**- કિશોર રાવ ડી. IAS**

**સદસ્ય સચિવ, ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બૉર્ડ**








વીણેલાં મોતી

# સંસ્થાકીય પ્રતિભાવ

ખાદી ઉત્સવ – ૨૦૧૨નું આયોજન, વ્યવસ્થા અને સવલત બેનમૂન હતાં. આ પ્રકારના ઉત્સવોથી સંસ્થા અને ગ્રાહકોનો નાતો ઘનિષ્ઠ થતો હોય છે. અમારી સંસ્થાના ગ્રાહકો સાથેના અનુભવની જ વાત કરીએ. કલાત્મક એરબૅગ, ટુરિંગ બેગ, ફાઇલ વગેરેનું વેચાણ કરતા હોવાના કારણે પદવીદાન સમારંભમાં વિદ્યાર્થીઓને આપવા માટે વિવિધ યુનિવર્સિટીના ઑર્ડર મળે છે તો વિવિધ એનજીઓ, સ્કૂલ્સ, ટ્રસ્ટ, હોટલો અને સર્કિટ હાઉસ તરફથી પણ વારે-તહેવારે ઑર્ડર મળતા રહે છે.

આ ઉત્સવની મોટી ઉપલબ્ધિ હોય તો એ કે, ખાદીની તમામ ચીજવસ્તુઓ સંપૂર્ણ સલામત રહી છે. ડોમની સુઘડ વ્યવસ્થાના કારણે માલને સહેજ પણ નુકસાન થયું નથી. આ ઉત્સવમાં ઘણી બધી બાબતો પ્રશંસનીય હોવા છતાં એક એવું સૂચન કરવાનું મન થાય છે કે આગામી 'ખાદી ઉત્સવ' જો નવરાત્રિથી દિવાળી સુધીના ગાળાનો રાખવામાં આવે તો ગુજરાતીઓ અને બિનનિવાસી ગુજરાતીઓ બંનેની ખરીદીનો ખાદીની સંસ્થાઓને લાભ મળે અને વાતાવરણ વધારે સાનુકૂળ હોઈ ખાદી ઉત્સવના મુલાકાતીઓની સંખ્યામાં પણ ખાસ્સો વધારો થાય.

**- પ્રમુખ, સ્વામી વિવેકાનંદ ખાદી ગ્રામોદ્યોગ ટ્રસ્ટ, અમદાવાદ**

ખાદી ઉત્સવ – ૨૦૧૨ના ઉદ્‌ઘાટનના પ્રથમ દિવસે જેવી સ્વચ્છતા, સુઘડતા અને સુંદરતા હતી તેવી જ છેલ્લા દિવસ સુધી જળવાઈ રહી તે બદલ ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બૉર્ડ અને સહઆયોજક સંસ્થાઓને અભિનંદન પાઠવીએ છીએ.

**- એનિમા શોપ, નવી મુંબઈ, મહારાષ્ટ્ર**

ખાદી ઉત્સવ અને તેનું પ્રદર્શન ખૂબ જ બિરદાવવા જેવું રહ્યું. અમદાવાદની જનતાની ખરીદીની ક્ષમતા સારી છે તો દર વર્ષે ખાદી ઉત્સવ યોજશો.

**- ઓરિસ્સા ટસર સિલ્ક ઉત્પાદક સંઘ, ઓરિસ્સા**

લોકોની ભીડ જોતાં ખાદી ઉત્સવ ત્રણ દિવસ લંબાવવામાં આવ્યો. આ ઉત્સવના આયોજકો જો કોઈ પ્રાઇવેટ કંપની કે સંસ્થા હોત તો એ ત્રણ દિવસનું ભાડું વસૂલે જ પણ ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બૉર્ડે વિના મૂલ્યે આ સુવિધા પૂરી પાડી. આવું આયોજન થાય તો નાની મૂડીનો રોકાણકાર પણ આગળ વધી શકે.

**- માયા શાહ, મુમ્બા'ઝ બ્લેન્ડ, અમદાવાદ**

Congratulations. Very good effort to encourage Khadi & Handicrafts.

**- Justice M R Shah, Gujarat High Court**

I would like to say that every person associated with Khadi Utsav – 2012 is very good. We got marvelous co-operation from them. Mahatma Gandhi's statue is wonderful.

**- Ab. Rashid Magrey,<br>Kashmir Art & Craft**

This is the first time in Gujarat for me the Gujarati people are very co-operative, kind nature with good Sensitivity. The entire management of The Gujarat Khadi & Village industries Board was excellent.

**- Bangalaore (Khadi & Village industries), Karnataka**

सांस्कृतिक कार्यक्रम और बच्चों के लिए पपेट शो अच्छे लगे । बांस वाली ऑफिस की डिजाईन भी बहुत अच्छी लगी । हर साल खादी उत्सव दिसम्बर–जनवरी में ही रखें, ऐसी हमारी मांग है।

**– दिव्या भारती महिला ग्रामोद्योग विकास संस्थान, भिलवाडा, राजस्थान**

ખાદી ઉત્સવ દર વર્ષે નવેમ્બર-ડિસેમ્બરમાં યોજાય તેવા સૂચનો ઘણી સંસ્થાઓ તરફથી મળ્યા છે. આ સૂચન વિચારણા હેઠળ છે. સૂચન બદલ સૌનો આભાર.


**-અધ્યક્ષ, ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બૉર્ડ**

# ગાંધીજી અને આજનો ગ્રાહક

- કાર્તિકેય ભટ્ટ

***ગ્રાહક બજારનો રાજા કહેવાય છે, પણ આજના ગ્રાહકની હાલત શી છે? કદાચ ક્યારેય નહોતી એટલી ભૂંડી? ખાનગીકરણના યુગમાં બજાર આના માટે જવાબદાર છે કે ગ્રાહક પોતે? ગાંધીજીના અર્થશાસ્ત્રના વિચારોને કેન્દ્રમાં રાખીને સાચી સ્થિતિનો ચિતાર આપે છે કોલમિસ્ટ અને અર્થશાસ્ત્રના અધ્યાપક કાર્તિકેય ભટ્ટ***

બીજી ઓક્ટોબર આવી અને ગઈ. ૩૦મી જાન્યુઆરી પણ આવશે અને જશે, પણ ગાંધીવિચારની મહત્તા તો હંમેશ રહેવાની જ. દૂધ-શાકભાજી-કઠોળ-રાંધણગેસ જેવી જીવનજરૂરિયાતની ચીજવસ્તુથી માંડીને પેટ્રોલ-ડીઝલના સતત વધતા જતા ભાવના ગાળામાં અર્થકારણમાં ગાંધીજીના આર્થિક વિચારોને સ્મરી લેવું ખોટું નહીં ગણાય!



*દક્ષિણ આફ્રિકામાં જ રંગભેદની નીતિનો વિરોધ કરવા સૌએ પગે ચાલવાનું સ્વીકાર્યું... બસમાં બેસવાનું ટાળ્યું... ત્યારે ગોરાઓને આપોઆપ સમજાયું કે બસની આવકનો ખરો આધાર કાળા લોકો જ છે! કાળાઓ જો બસમાં નહિ બેસે તો ગોરાઓએ પણ પગે ચાલવાનો વારો જ આવશે! ગાંધીજીના અસહકારના શસ્ત્રનો ઉપયોગ જ બજારવ્યવસ્થામાં ગ્રાહકને ખરેખર રાજા બનાવે છે!*

આર્થિક ઉદારીકરણ અને ખાનગીકરણના આ સમયમાં ગાંધીજી અત્યારે હોત તો શું કહેત કે કરત"

અર્થશાસ્ત્રના અભ્યાસુ તરીકે ગાંધીજીના આર્થિક બાબતોના વિચારોનો તો અનુભવ છે જ, પણ ગાંધીજીના જીવન-દર્શન અને 'સત્યના પ્રયોગો' કે દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો પણ જેને ખ્યાલ હોય તેઓ ચોક્કસ એમ કહી શકે કે બાપુએ અત્યાર માટે કશું જુદું પાડીને બોલવાની જરૂર જ નથી. એમનાં લખાણો અને જીવન, બંનેમાંથી ગ્રાહકે બજારમાં કેવી રીતે વર્તવું તેનો ખ્યાલ મળે જ છે! હજુ હમણાં જ શહેરના ઉચ્ચ વર્ગીય વિસ્તારમાં મારા મિત્રને ત્યાં રહેવાનું થયું અને રાત્રે ટી.વી. જોતાં સહજ વાત થઈ તો મિત્રે ફરિયાદ સાથે કહ્યું કે, "ચેનલોવાળા તો ખુલ્લેઆમ લૂંટે છે! મહિને સાડા ત્રણસો પડાવે છે (ગામડાઓમાં પણ જ્યાં ચેનલો છે ત્યાં માસિક દોઢસો-બસો રૂપિયા ભાવ લેવાય છે). સરકારે આ માટે કાંઈક કરવું જોઈએ!"

મિત્રની ફરિયાદ સાચી હોવા છતાં સરકાર આમાં શું કરે? મહિને ત્રણસો પચાસ આપનાર હોય તો લેનારા હોય જ! ચેનલ જ કઢાવી નાખો! ગાંધીજી હોત તો એમણે આ જ હથિયાર ઉગામ્યું હોત! ગાંધીજીનું અસહકારનું આંદોલન એ મૂળભૂત રીતે ગ્રાહકલક્ષી ચળવળનો એક ભાગ જ છે. ખાનગી બજારમાં વસ્તુના ઉત્પાદન-વેચાણ-કિંમત પર સરકારનો કાબૂ ન જ હોય! ખાંડ કેટલા રૂપિયે કિલો રાખવી તે ખાંડનો ઉત્પાદક જ નક્કી કરે છે અને મલ્ટિપ્લેક્સમાં ટિકિટનો દર સિનેમાગૃહનો માલિક જ નક્કી કરે છે. એવી રીતે ચેનલનું માસિક ભાડું ચેનલ ઓપરેટર નક્કી કરે છે. એટલે તે બાબતે સરકાર કશું ન કરી શકે. કદાચ કરી શકે તો પણ તે ગ્રાહક જેટલું ધારદાર ન કરી શકે! આ સમસ્યાનો એકમાત્ર ઉકેલ છે 'સામૂહિક ત્યાગ!' શહેરના બધા જ ટી.વી.ધારકો માત્ર એક મહિના માટે પણ ચેનલ વગર ચલાવી શકે તો ચેનલ ઓપરેટરોને ભાવ ઘટાડ્યા વગર ચાલે નહિ, પણ આપણી

ગૃહિણીઓને ચેનલ વગર ચાલતું નથી માટે ચેનલ ઇજારાવાળું બજાર બની ગયું છે અને ઇજારદાર ધારે તે કિંમત વસૂલ કરી શકે છે.

શહેરમાં રિક્ષાવાળા હોય, ચેનલવાળા હોય કે સ્કૂલના સંચાલકો હોય મધ્યમવર્ગને ખુલ્લેઆમ લૂંટી રહ્યા છે, પણ ગ્રાહકપક્ષની નબળાઈ એ છે કે તેઓ સંગઠિત નથી. વસ્તુ કે સેવા વગર ચલાવી લઈ શકતા નથી. ખાનગીકરણને પ્રોત્સાહનના ભાગરૂપે અત્યારે ખાનગી જીપો-ખાનગી લક્ઝરીઓ એસ.ટી.ની સમાંતર દોડે છે. મુસાફરો ભરવામાં સહેજ પણ દયા રખાતી નથી. બેસનારા બધા બબડે છે. પણ... - "ભાઈ બસ! હવે વધારે એક પણ પૅસેન્જર તું ભરીશ તો હું હેઠે ઊતરી જઈશ." તેમ કોઈ બોલતું નથી! અને ત્યારે મને થાય છે કે 'પ્રિટોરિયા જતા. . .' પાઠ ભણવામાં આવ્યો એ માત્ર પરીક્ષાના સવાલ જવાબ માટે જ!

દક્ષિણ આફ્રિકામાં... અડધી રાતે... સાવ જ અજાણ્યા પ્રદેશમાં ફર્સ્ટ ક્લાસની ટિકિટ હોય છતાં ફર્સ્ટ ક્લાસમાંથી ઉતારી મુકાય ત્યારે પોતાનો મક્કમ વિરોધ દર્શાવનાર ગાંધીજી મલ્ટિનેશનલ કંપનીના યુગમાં ગ્રાહકના શ્રેષ્ઠ પ્રેરણાદાયી છે! કારણ કે એમણે એ રાતે રેલવે સ્ટેશન પર 'મહાત્મા' બનવા માટે સત્યાગ્રહ નો'તો કર્યો. તે માત્ર સત્ય માટેનો નહિ, હક્ક માટેનો પણ આગ્રહ હતો. હક્ક, ગ્રાહક તરીકેનો હક્ક! અને આપણે હજાર રૂપિયા ચૂકવ્યા પછી પણ તેલના ડબામાં ખરું સીંગતેલ મળ્યું છે કે ખોરું તે તપાસતા નથી!

દક્ષિણ આફ્રિકામાં જ રંગભેદની નીતિનો વિરોધ કરવા સૌએ પગે ચાલવાનું સ્વીકાર્યું; બસમાં બેસવાનું ટાળ્યું ત્યારે ગોરાઓને આપોઆપ સમજાયું કે બસની આવકનો ખરો આધાર કાળા લોકો જ છે! કાળાઓ જો બસમાં નહિ બેસે તો ગોરાઓએ પણ પગે ચાલવાનો વારો જ આવશે! ગાંધીજીના અસહકારના શસ્ત્રનો ઉપયોગ જ બજારવ્યવસ્થામાં ગ્રાહકને ખરેખર રાજા બનાવે છે! મૂડીવાદી વ્યવસ્થામાં માગનો ત્યાગ એ અહિંસક છતાં અદ્ભુત શસ્ત્ર છે. આપણે જો માત્ર બૂમો જ પાડ્યા કરીએ કે ફલાણી સિરિયલમાં તો કાંઈ નથી આવતું. આ તો સાવ બોરિંગ છે; એનાથી કશું જ ન વળે. કારણ કે આ બળાપો વ્યક્તિગત છે અને સિરિયલ જોવાય છે તે હકીકત છે! ચેનલોને ન રામાયણમાં રસ છે, ન મહાભારતમાં. અક્ષરામાં ન રસ છે, ન ગોપી વહુમાં... એને તો દર્શકો જોઈએ છે, જેથી જાહેરખબરો મળે! પણ દર્શકો તો પોતાનો અણગમો દર્શાવી શકે છે ને? ગાંધીચીંધ્યા માર્ગે ટી.વી. બંધ કરી શકાય છે. આ અહિંસક અને શાંત માર્ગ સિરિયલોના કથાવસ્તુને પણ બદલી શકે છે અને ચેનલના માસિક ચાર્જને પણ ઘટાડી શકે છે! પણ મૂળ વાત છે મક્કમતાની. ગાંધીજી પાસેથી આજના ગ્રાહકે શીખવા જેવી બાબત છે મક્કમતા, સ્પષ્ટતા, હક્ક પ્રત્યેની સભાનતા!

***ચેનલોને ન રામાયણમાં રસ છે, ન મહાભારતમાં. અક્ષરામાં ન રસ છે, ન ગોપી વહુમાં... એને તો દર્શકો જોઈએ છે, જેથી જાહેરખબરો મળે! પણ દર્શકો તો પોતાનો અણગમો દર્શાવી શકે છે ને? ગાંધીચીંધ્યા માર્ગે ટી.વી. બંધ કરી શકાય છે. આ અહિંસક અને શાંત માર્ગ સિરિયલોના કથાવસ્તુને પણ બદલી શકે છે અને ચેનલના માસિક ચાર્જને પણ ઘટાડી શકે છે!***

સ્વદેશીના સૂત્રોચ્ચારથી સ્વદેશીની ભાવના મજબૂત ન બને, વિદેશી ચીજવસ્તુઓનો ત્યાગ કરવો પડે! સ્ટાર પ્લસે ચાલવું હતું એટલે અંગ્રેજીમાંથી હિન્દી થવું પડ્યું! કારણ હિન્દી માધ્યમનો મોટો વર્ગ છે. એ જ વાત પાંચ કરોડ ગુજરાતીઓ પણ કરી શકે. જો સ્પાઇડરમેનની હિન્દી આવૃત્તિ થઈ શકતી હોય તો ગુજરાતી પણ થાય! પણ પ્રશ્ન એ આવે કે ગુજરાતીઓને પોતાની ભાષા માટે એટલો લગાવ છે ખરો? ગાંધીજીએ તો પોતાનો જન્મદિવસ તારીખ લેખે બીજી ઓકટોબરે નહીં, પણ તિથિ લેખે 'ભાદરવા વદ બારસ'ના દિવસે ઊજવવાનું કહેલું અને તે દિવસને 'રેંટિયા બારસ' તરીકે થોડાં વર્ષો સૌએ યાદ રાખી પણ, અત્યારે તો વિદ્યાપીઠવાળા પણ તે બીજી ઓક્ટોબર જ ઊજવે છે!

ગાંધીજી સારામાં સારું અંગ્રેજી લખી-બોલી શકતા (એ વર્ષોમાં બેરિસ્ટર થયા હતા!), છતાં તેમણે દેશમાં ગુજરાતીનો જ આગ્રહ રાખ્યો. પત્રના અંતે પણ સંવત અને તિથિ લખતા! આજે ગુજરાતની અસ્મિતાની વાતો કરનારા કેટલા લોકો પોતાના રોજિંદા જીવનમાં આ બાબતે મક્કમ હશે? ભાષાને અસ્મિતા કે સંસ્કૃતિ તરીકે નહિ તો ગ્રાહકોના હિતરક્ષક તરીકે તો સ્વીકારવી જ જોઈએ. ગાંધીજી હોત તો એમણે ચોક્કસ બધી જ વસ્તુ પર અગત્યની સૂચના રાષ્ટ્રભાષા કે માતૃભાષામાં લખવા આંદોલન ચલાવ્યું હોત! સાઇન બોર્ડ પણ ગુજરાતી ભાષામાં પણ રાખવું એવો આદેશ છતાં હજુ ઘણી દુકાનોમાં તે જોવા મળતું નથી ત્યારે તેમણે પ્રજાને જ

આહ્વાન કર્યું હોત કે અંગ્રેજી પાટિયાવાળી દુકાનમાં પ્રવેશ જ ન કરવો! અને આવા અહિંસક તથા શાંત આંદોલનની ચોક્કસ સાર્વત્રિક અસર વર્તાતી હોત!

ગાંધીજીના આત્મસંયમની વાત જીવનના બીજા ક્ષેત્રોમાં તો લાગુ પડે જ છે, પણ એક ગ્રાહક તરીકે બજારમાં આપણે આ આત્મસંયમના શસ્ત્રથી જ મજબૂત બની શકીએ છીએ. જીવનમાં બધી જ વસ્તુઓ અનિવાર્ય નથી હોતી. જો આપણને એમ લાગે કે અખબાર આપણી ભાવનાઓ વિરુદ્ધ છાપ્યા કરે છે તો બંધ કરાવી દો! સમાચાર ચેનલો મનફાવે તેવું રિપોર્ટિંગ કર્યા કરે છે, તો બંધ કરી દો. ગુજરાતમાં શ્રાવણથી દિવાળી દરમિયાન સીંગતેલની માગમાં જોરદાર ઉછાળો આવે છે. થોડા અંશે આદર્શની વાત લાગે પણ સાચી વાત એ છે કે તેલનો ત્યાગ કરી શકીએ. તળેલું ખાધા વગર જ સાતમ-આઠમ કે દિવાળી ઊજવીએ તો તેલિયારાજાઓ લાંબો સમય રાજાપણું ન ભોગવી શકે!

***એવી કઈ મજબૂરી છે કે શટલ રિક્ષાવાળો દાદાગીરી કરે છે પણ સાત પૅસેન્જર બોલી શકતા નથી? આપણે એવું કયું પાપ કર્યું છે કે શાળામાં બાળક ડૉનેશન વગર દાખલ થઈ શકતું નથી? સ્વતંત્રતા સંગ્રામમાં જે જુસ્સો રાજકીય આઝાદી માટે કેળવેલો, તે જુસ્સો આર્થિક આઝાદી માટે કેળવવો પડશે***

પણ મૂળ પ્રશ્ન એ છે કે ગાંધીજી પાસે જે મક્કમતા હતી તે આપણે લાવવી ક્યાંથી? સાવ અજાણ્યા પ્રદેશમાં, અડધી રાતે હિંમતથી મોહનદાસ કરમચંદ ગાંધી પોતાના ગ્રાહક તરીકેના હક્ક માટે લડત આપે છે તે જ લડત આપણે આપણા જ દેશમાં, ધોળે દિવસે, સ્વતંત્રતા પછી, આપણા પૈસે ખરીદેલી વસ્તુ કે સેવાના અધિકાર માટે આપણે આપી શકતા નથી! એવી કઈ મજબૂરી છે કે શટલ રિક્ષાવાળો દાદાગીરી કરે છે, પણ સાત પેસેન્જર બોલી શકતા નથી? આપણે એવું કયું પાપ કર્યું છે કે શાળામાં બાળક ડોનેશન વગર દાખલ થઈ શકતું નથી? સ્વતંત્રતા સંગ્રામમાં જે જુસ્સો રાજકીય આઝાદી માટે કેળવેલો, તે જુસ્સો આર્થિક આઝાદી માટે કેળવવો પડશે.

ઉદારીકરણ અને ખાનગીકરણના આ યુગમાં ગાંધીજીના વિચારો અને વર્તન વધુ પ્રસ્તુત બન્યા છે, જે આપણને શીખવાડે છે કે ભલે સરકાર દસ-બાર ઠંડાં પીણાંની વિદેશી કંપનીઓને આ દેશમાં ઉત્પાદનની મંજૂરી આપે, પણ તેના વેચાણનો આધાર તો આપણા હાથમાં જ છે! આપણને દેશી સોડા પીતા કોણ રોકે છે! ભલેને સો અંગ્રેજી માધ્યમની શાળાઓ ખોલવામાં આવે; આપણે આપણા બાળકને તેમાં મૂકીએ જ નહિ. સ્વદેશીની ખરી ચળવળ તો એ જ હોય કે વિદેશી વસ્તુ ખરીદવી જ નહિ, એટલે પછી હોળી ન કરવી પડે!

ગાંધીબાપુ ભલે એ બાબતે બોલ્યા ન હોય, પણ વિદેશી વસ્તુઓના બહિષ્કારમાં, નોકરીઓ છોડવાના અસહકારમાં એમણે ગ્રાહકની ખરીદશક્તિ અને શ્રમિકોની શ્રમશક્તિનો જ ઉપયોગ કર્યો છે અને આજના સમયની તાતી જરૂર ગ્રાહકો અને શ્રમિકોનું સંગઠિત થવું તે જ છે.

સત્ય અને અહિંસા આ બે શસ્ત્રો તો આજે ખાસ ઉપયોગી બની ગયાં છે, કારણ કે વેપારીને શારીરિક મારની અસર નથી થતી તેટલી ધંધામાં માર પડે તેની થાય છે. આપણે એવા વેપારી શાસકો પાસેથી ચીજવસ્તુ ખરીદીએ નહિ તો જ તેઓ ઘૂંટણીએ પડતા ને નમતા આવે.

આપણા શાસકો પણ કરવેરા નાખે ત્યારે ગાંધીજીનો મીઠાનો સત્યાગ્રહ આજના ગ્રાહકોને રાહ ચીંધે છે. મોબાઇલ કંપનીઓ ભાડાં વધારી દે, ટોકકટાઇમ ઘટાડી દે તે જ દિવસે સીમકાર્ડ કઢાવી નાખવાની તાકાત ભલભલી કંપનીના પ્લાન રિચાર્જ કરી શકે છે. આપણે માત્ર એટલું જ યાદ રાખવાનું છે કે ચેનલવાળા, રિક્ષાવાળા, મોબાઇલવાળાની આપણે જરૂર છે એટલે જ એમને આપણી જરૂર છે અને બજારની ભાષામાં કહું તો હુકમનો એક્કો એવી 'ખરીદશક્તિ' આપણા હાથમાં છે. આપણા લીધે તેમના ચૂલા ચાલે છે.


ગાંધીજીના સત્યાગ્રહને આજનો ગ્રાહક પોતાના હક્ક - આગ્રહમાં ફેરવી શકે છે. આજે આપણે પગારવધારા માટે હડતાળ પાડીએ છીએ, પણ માંગવા માટે છોડવાની તાકાતનું નામ છે સત્યાગ્રહ. નોકરીમાં ચાલુ રહો ને કામ ન કરીએ તેનું નામ હડતાળ, પણ આપણી શરતો સાચી હોય તો એના માટે નોકરી છોડી દઈએ - સામૂહિક - તો તે છે સત્યાગ્રહ. પણ ના, એ તાકાત આપણે કેળવી શકતા નથી માટે આપણે પાછા પડીએ છીએ.

# સંવાદયાત્રા

- ગીતા દવે

***ડિઝાઇનર ગીતા દવે ૨૫ વર્ષથી ડિઝાઇનિંગ ક્ષેત્ર સાથે સંકળાયેલાં છે. ખાનગી સંસ્થાઓની સાથોસાથ કેવીઆઇસી-એનઆઈડી ડિઝાઇનિંગ સેલ, ગુજરાત સરકારના સુરેન્દ્રનગર ક્લસ્ટર ડેવલપમેન્ટ પ્રોજેક્ટ અને કેન્દ્ર સરકારના સ્ફૂર્તિ કાર્યક્રમને પોતાની સર્જનાત્મકતા અને કુશળતાથી સફળતા અપાવી છે. 'ગ્રામનિર્માણ'માં તેઓ પ્રસંગોપાત્ત લખતાં રહ્યાં છે. આ અંકથી તેમના અનુભવોના નિચોડસમી લેખશ્રેણી શરૂ કરી રહ્યા છીએ, આશા છે ખાદી - ગ્રામોદ્યોગ ક્ષેત્ર સાથે સંકળાયેલા સહુને ઉપયોગી થશે***

*સ્ફૂર્તિ કાર્યક્રમ અને સુરેન્દ્રનગર ક્લસ્ટર ડેવલપ પ્રોજેક્ટ હેઠળ મારે સૌરાષ્ટ્રનાં ઘણાં ગામડાંમાં અને સંસ્થાઓમાં જવાનું થયું. જે દરમિયાન અનેક કાંતનાર વણનાર ભાઈ-બહેનોથી માંડીને સંસ્થાના મોભી સુધીના સાથે પરિચય થયો. પરિચય દરમિયાન સહજપણે જ કેટલુંક અવલોકન પણ થતું. ઘણીવાર ખાદી-ગ્રામોદ્યોગ સાથે સંકળાયેલા લોકોની સજ્જતા પર માન થતું તો ક્યારેક - કયારેક એમ પણ થતું કે જો કેટલીક બાબતોને ગંભીરતાથી લઈને તેના પર કામ કરવામાં આવે તો આપણે હજુ પણ વધુ ગુણવત્તાયુક્ત ખાદી ઉત્પન્ન કરી શકીએ તેમ છીએ. આ વિચાર આવતાં એવી કેટલીક બાબતો મેં એમ જ, મારા શોખ કે સંતોષ ખાતર નોંધવાનું શરૂ કર્યું. જોકે એમાં મુખ્ય કારણ તો એ સંવાદોમાં છુપાયેલું હ્યુમર (હાસ્ય) જ હતું, કોઈનો દોષ જોવો તે નહિ. આખરે, ખાદીક્ષેત્રમાં આટલાં વર્ષો કામ કરવાના કારણે મને ખાદીનું વસ્ત્ર અને ખાદીની સંસ્થાઓ પોતીકી લાગે છે. તેમની પ્રગતિનો મને આનંદ પણ થાય છે. મર્યાદા છે, તેને ઓળંગી જવાય તો ખાદીક્ષેત્રે વધુ વિકાસની ખાતરી પણ છે તો કેટલાક સંવાદો માણીએ?*




- **આજે વણકરોનો વારો છે અને તેઓ તાકા જમા કરાવવા ખાદી કેન્દ્રમાં આવ્યા છે.**

  સુપરવાઇઝર : અરે કાંતિ, આ તાકામાં ડાઘા શેના છે? આ તો ના હાલે.

  વણકર : અરે ભાઈ, મે'માન સાથે બેસીને ચા પીતો'તો, ને બાજુમાં જ તાકા પડયા'તા તે ચા ઢળી ગઈ.

* * *

સુપરવાઇઝર : એ ભાઈ, આ કેવું જાળીવાળું વણી લાવ્યો છે? તાકો ઝટ બને એટલે ઠોક ઓછી મારી લાગે છે, ૪૮ તાર તો બેસવા જ જોઈએ.

વણકર : સાહેબ, પેલી (અગાઉની) સંસ્થામાં આથીય આછું વણતા, તોય કોઈ બોલતું નહિ. તમે તો બહુ કચકચ કરો ભાઈ, લ્યો આપણે તો હવે તમારું વણવું જ નથી ને.

પહેલા સંવાદની વાત કરીએ. આપણે સૌ જાણીએ છે તેમ વણકરોની સવલત માટે તેમને પોતાના ઘરમાં જ કામ કરી શકે તે રીતે સૂતર આપીને વણાટકામ કરાવવામાં આવે છે. ત્યારે વણકરની જવાબદારી બને છે કે તે આપેલા માલની પૂરી કાળજી લે અને અને તેને સંભાળપૂર્વક સાચવે. આજે સૂતરના એટલા ઊંચા ભાવ છે કે સૂતર અને ખાદીનો બગાડ પોષાય નહિ. તેની સાથે કેટલાય લોકોની મહેનત અને નાણાંનો પણ વ્યય થાય છે માટે આ બાબતની ગંભીરતા જાણી વણકરો પોતે જ જાગ્રત બને જરૂરી છે. જો આ રીતે ખાદીનો બગાડ થાય તો તેની સીધી કે આડકતરી અસર વણકરને અપાતા વળતર પર પણ પડી શકે છે.

બીજી ઘટનામાં રહેલું વણકરનું વલણ યોગ્ય છે? એક સંસ્થા છોડીને બીજી સંસ્થાનું વણશો, બીજી છોડીને ત્રીજીનું વણશો. આમ કેટલી સંસ્થા છોડશો ભાઈ? ખાદીની સંસ્થાવાળાઓને વણકરો પર વિશ્વાસ હોય છે એટલે જ તો મોટા ભાગની ખાદીનું ઉત્પાદન વણકરોના ઘરમાં જ થાય છે. ત્યારે ગુણવત્તા જાળવી રાખવી એ ભલે હંમેશાં શક્ય ન બને પણ 'હાલ્યું જશે'ની વૃત્તિ છેવટે વણકર અને સંસ્થા બંનેને નુકસાન કરે છે.

- **ગ્રાહક ખરીદી માટે ખાદીની સંસ્થામાં આવ્યા છે.**

ગ્રાહક : ભાઈ, ઝભ્ભાનું કાપડ બતાવોને.
સેલ્સમેન : જુઓ, આ તાકાની આખી થપ્પી; બધું જ ઝભ્ભાનું છે, કયું આપું?
ગ્રાહક : આ... ઉપરથી ત્રીજું, બદામી રંગનું છે તે બતાવો
સેલ્સમેન : સાહેબ એ ૧૬૫ રૂ. મીટરનું છે, બતાવું?

* * *

ગ્રાહક : (કાપડનો તાકો જોઈને) આ કાપડમાં આવા પટ્ટા કેમ પડે છે? બીજા તાકામાંથી આપો, ઝભ્ભામાં આડા પટ્ટા આવે તે તો ન ચાલે.
સેલ્સમેન : સાહેબ આ તો ખાદી છે... એમાં તો થોડું આવું રહેવાનું જ.

પહેલા સંવાદમાં સ્પષ્ટ જણાય છે કે ગ્રાહક દુકાનમાં ઝભ્ભાનું કાપડ ખરીદવા માટે જ પ્રવેશ્યો છે, પણ સેલ્સમેનનો જવાબ જાણે કે તેને કાપડ બતાવવાની આળસ હોય, કામમાં રસ ન હોય કે ગ્રાહકની અવગણના કરતો હોય કે પછી ગ્રાહકની ખાદી-ખરીદીની આર્થિકક્ષમતા પોતાની મેળે જ ઓછી આંકી લેતો હોય તેવો છે. જ્યારે ખરેખર તો દુકાનમાં આવનાર દરેક ગ્રાહકને જે જોઈએ તે બિલકુલ કંટાળા વગર ને ઉત્સાહપૂર્વક બતાવવું એ સેલ્સમેનનો મંત્ર હોવો જોઈએ.

એ જ રીતે પછીના સંવાદમાં સેલ્સમેને થોડીક સમજણપૂર્વક જવાબ આપવાની જરૂર હતી. ખાદી હાથે કાંતેલું અને હાથે વણેલું કાપડ છે એટલે ઓગણીસ-વીસ થવું એ જ તેની ડિઝાઇનની વિશેષતા છે, એ જ તેની ઓળખ છે એ સેલ્સમેન સારી રીતે સમજાવી શકે. તો ગ્રાહક ખાદીની વિશેષતાથી માહિતગાર થાય અને ગ્રાહકોમાં આ સમજણ આવતાં કાળક્રમે તેમની ફરિયાદો ઘટે પણ ખરી.

આખરે, ગ્રાહક જ્યારે જેટલું ખરીદવાનું ધારીને ખાદીમંદિરમાં પ્રવેશ્યો હોય તેનાથી વધુ ખરીદીને જાય એમાં જ તો કોઈ પણ સેલ્સમેન કે દુકાનદારની સફળતા છે ને?

## *જો પતંગનૃત્યમાંથી બચવું હશે તો...*

*હું માનું છું કે હિંદુસ્તાને અને તેની મારફત દુનિયાએ પણ સાચી સ્વતંત્રતા મેળવવી હોય તો આજે નહીં તો કાલે ગામડાંમાં જ રહેવું પડશે; એ સાદાઈ રેંટિયામાં અને તેમાં જે જે વસ્તુ સમાઈ જાય છે તેમાં રહેલી છે. દુનિયા ઊલટી બાજુ જતી દેખાય છે એથી હું ડરતો નથી. એમ તો જ્યારે પતંગિયું પોતાના વિનાશ તરફ જાય છે ત્યારે સૌથી વધારે નાચે છે અને એમ કરતાં બળી જાય છે. એમ બને કે હિંદુસ્તાન એ પતંગનૃત્યમાંથી ન બચી શકે. મારો ધર્મ છેલ્લા શ્વાસ સુધી એને અને એની મારફત જગતને બચાવવાની કોશિશ કરવાનો છે.*


*(સૌજન્ય : ગ્રામસ્વરાજ, નવજીવન પ્રકાશન)*

# માર્કેટિંગઃ માયાજાળ નહિ, સફળતાનો મંત્ર

**- અજય દોશી**

***સત્ય, અહિંસા, સ્વદેશી અને સ્વાવલંબન જેવા પાયાનાં તત્ત્વોને લઈને ખાદી ઉત્પાદન-વેચાણ કરતી સંસ્થાને માર્કેટિંગનો ફાટી નીકળેલો રાફડો કદાચ પોતાના સિદ્ધાંતો સાથે સમાધાન લાગે, પણ આપણા ઉત્પાદનની ગુણવત્તા ભલે ગમે તેટલી ઊંચી હોય જો બજારમાં ટકવું ને વિકસવું હશે તો આજના સમયમાં કમસે કમ નીતિપૂર્વક માર્કેટિંગ વિના કોઈ આરો-ઓવારો નથી તેની ખાતરી કરાવે છે, ખાદી ગ્રામોદ્યોગ સંઘ સમન્વય-રાજકોટના અજય દોશી***

માર્કેટિંગ એ દરેક સંસ્થાના વિકાસ માટે મહત્ત્વનું પરિબળ છે. લોકલ માર્કેટથી વૈશ્વિક માર્કેટના સ્પર્ધાત્મક વાતાવરણમાં ગ્રાહકોને આકર્ષવા માર્કેટિંગની નવીનતમ વ્યૂહાત્મકતા (INNOVATIVE STRATAGY) માત્ર પ્રોડક્ટ પૂરતી મર્યાદિત રહી નથી. આપણે જોઈ રહ્યા છીએ કે સર્વિસીઝ આપતી ઇન્ડસ્ટ્રી, પ્રોજેક્ટ તૈયાર કરતી કન્સલ્ટિંગ એજન્સીઓ, સિનેમાના કલાકારો, રમતગમત સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, રાજકીય પક્ષો, રાજકીય નેતાઓ પણ માર્કેટિંગ કરવા લાગ્યો છે. 'પ્રોડક્ટથી લઈને પર્સન' સહુ કોઈ માટે માર્કેટિંગ થાય છે, ત્યારે આપણે પણ માર્કેટિંગ ફંડા/સ્ટ્રેટેજીનો મહદંશે લાભ લેવો જોઈએ.



વર્ષોથી ખુલ્લા બજારની વેચાણ વ્યવસ્થા 4-P પદ્ધતિ ઉપર આધારીત રહી. 4-P એટલે કે (૧) પ્રોડક્ટ (૨) પ્રાઇઝ (૩) પ્લેસ (૪) પ્રમોશન, પરંતુ હવે જ્યારે નવો યુગ, નવી ઇકોનોમી, નવી જીવનશૈલી આવી ગયાં છે ત્યારે આ પરિબળોએ માર્કેટિંગ સેકટરમાં નવાં પરિમાણો સર્જ્યાં છે, જેને 4-A દ્વારા પ્રસ્થાપિત કરાયાં છે. 4-A એટલે કે

(૧) પ્રથમ - A: Awareness : જાગ્રતતા

(૨) દ્વિતીય - A: Expectability : અપેક્ષા

(૩) તૃતીય - A: Affordability : કિફાયતીપણું

(૪) ચતુર્થ - A: Availability : ઉપલબ્ધિ

આ 4-A પ્રક્રિયાનો આપણા ક્ષેત્રનાં મર્યાદિત સાધનોમાં સરળતાથી કેવી રીતે અમલ થઈ શકે તેની વાત કરીએ.

AWARENESS - જાગ્રતતા : પ્રોડક્ટનું ઉત્પાદન અને વેચાણનો આધાર ગ્રાહકની માગને અનુલક્ષીને હોય છે. આથી માગને આધારિત વ્યવસ્થા કરવી જોઈએ. આ માટે જે-તે પ્રોડક્ટના ઉત્પાદન, ખૂબી, ખામી વગેરેની સંપૂર્ણ માહિતી આપણા વેચાણ કાર્યકર્તા (સેલ્સમેન)ને હોવી જરૂરી છે.

EXPECTABILITY - અપેક્ષા : આજે ગ્રાહક આપણે ત્યાં આવે ત્યારે તો એટલી અપેક્ષા તો રાખે જ કે તેને મનમાં થતા દરેક સવાલના જવાબ આપણા સેલ્સમેન કે આપણી પાસેથી મળી રહેવા જોઈએ. જો આ વિગતો ગ્રાહકોને સમજાવી શકીએ તો અને તો જ ગ્રાહકમાં સંસ્થા તથા પ્રોડક્ટ પ્રત્યેની વિશ્વસનીયતા ઊભી થશે અને ગ્રાહક તે વસ્તુ નિ:શંક ખરીદશે.

AFFORDABILITY - કિફાયતીપણું : અહીં બે પ્રકારના ગ્રાહકોને ધ્યાનમાં લેવા જોઈએ એક, આમ આદમી, કે જેની ઉપર આજની ઇકોનોમી અસર કરે છે. જેથી તે વર્ગ ખરીદી કરી શકે તેવા ભાવોની પ્રોડક્ટ્સ અને બીજો, શ્રીમંત વર્ગ તેને પણ આકર્ષી શકે તેવી

વિવિધતાથી ભરપૂર અને કીમતી (value added) પ્રોડક્ટ્સ વેચાણમાં હોય તો વેચાણ વધતું રહે.

AVAILABILITY - ઉપલબ્ધિ : સતત નવાં કલર-ડિઝાઇનની પ્રોડક્ટ્સ આપણે ત્યાં આવતી રહેવી જોઈએ. ગ્રાહકને જે જોઈએ તે આપણે ત્યાંથી ઉપલબ્ધ હોવું જોઈએ, કારણ કે આજની બજાર અને ગ્રાહક બન્ને ડિમાન્ડિંગ છે. સમજો કે આજનો ગ્રાહક બાદશાહનો પણ બાદશાહ 'શહેનશાહ' છે. હવે ગ્રાહક માત્ર જરૂરિયાતને ધ્યાનમાં લઈને જ નહિ, પરંતુ શોખ પોષીને પણ ખરીદી કરતો હોય છે.

4-A ની સફળતા માટે શું જરૂરી :-

(૧) માર્કેટ સર્વે : આપણે જાણીએ છીએ તેમ આપણા દેશની ૬૫ ટકા વસતી ૨૫થી ૩૫ વર્ષ આસપાસની છે. તેથી તેમની જરૂરિયાતને ધ્યાનમાં લઈ, ખાદી-ગ્રામોદ્યોગની પ્રોડક્ટ્સ ડિઝાઇન કરી ઉત્પાદન-વેચાણ કરીએ તો વિશાળ માર્કેટ મળી રહે. ન્યૂઝ પેપર્સ, ટેલિવિઝન ચેનલ્સ, મેગેઝિનમાં આવતી જાહેરખબરો અને મોલ્સમાં વેચાણ થતી વસ્તુઓનો અભ્યાસ કરીએ તો ખ્યાલ આવશે કે દેશભરમાં રેડીમેડ કપડાં, શેમ્પૂ, નાહવા-ધોવાના સાબુ, ડિટર્જન્ટ પાઉવડર અને ખાદ્યપદાર્થોનું સૌથી મોટું માર્કેટ છે. એટલે જે-તે વિસ્તારમાં સર્વે કરીને તે વિસ્તારની માગને અનુરૂપ ખાદી - ગ્રામોદ્યોગ ક્ષેત્રમાં ઉત્પાદન કરવામાં આવે તો રોજબરોજના વેચાણમાં વધારો નોંધાય.

(૨) BRANDING & સંસ્થાનું બ્રાન્ડિંગ અત્યંત જરૂરી છે. બ્રાન્ડિંગ મુજબ ભવનોના હોર્ડિંગ્સ ઉપરાંત સ્ટેશનરી જેમ કે, બિલો, લેટરપેડ, પેકિંગ મટીરિયલ્સ, પ્રોડક્ટ ટેગ્સ અને લોગોથી ગ્રાહકો ઉપર હકારાત્મક છાપ પડે છે.

(૩) ADVERTIZING : જાહેરખબર ખરેખર સારું પરિણામ આપે છે, તે જાણતાં હોવા છતાં આપણે પ્રોડક્ટની જાહેરખબર આપવામાં રસ દાખવતા નથી. જેથી પોષાય તેવાં માધ્યમો જેવાં કે રેડિયો, હોર્ડિંગ્સ, ન્યૂઝ પેપર્સ વગેરેમાં જાહેરખબર આપવી જોઈએ. આજના યુગમાં જાહેરાતોના જિંગલ્સ આબાલ વૃદ્ધ સહુના માનસમાં અમીટ છાપ પાડે છે. જેનાં ઉદાહરણો આપણે જાણીએ છીએ. દા.ત AMUL : અમુલ દૂધ પીતા હૈ ઇન્ડિયા, AIRTEL = હર એક ફ્રેન્ડ જરૂરી હોતા હૈ, RAYMOND = ધ કમપ્લિટ મેન, TATA SKY = એક બાર લગા દીયા તો લાઇફ જિંગાલાલા વગેરે. આ પ્રકાર જિંગલ્સ બનાવી અસરકારક જાહેરખબરો આપી શકાય છે.

આપણી સૌ સંસ્થાઓએ સાથે મળી આપણી પ્રોડક્ટ્સનાં ગુણગાન સતત ગાતાં રહેવું જોઈએ. આપણી પ્રોડક્ટ્સની વિશ્વસનીયતાનાં ઉદાહરણોનો પ્રચાર-પ્રસાર કરતાં રહેવું જોઈએ. એ માટે નવાં - નવાં માધ્યમો જેવાં કે WEBSITES ઉપરાંત સોશિયલ નેટવર્કિંગની સાઇટ્સ FACEBOOK, TWITTERનો પણ ઉપયોગ કરવો જોઈએ.

(૪) M.D.A. વેચાણપ્રોત્સાહનઃ- અથવા રિબેટ અથવા તેને જે નામ આપીએ. દા.ત. SALE, DISCOUNT... વગેરે વેચાણપ્રોત્સાહન પદ્ધતિ જરૂરી છે. તેનાથી માલ ભરાવાની સ્થિતિમાંથી મુક્તિ મળે છે અને ગ્રાહકને આકર્ષવાની પ્રક્રિયા સહજપણે થાય છે. ખુલ્લા બજારમાં પણ જ્યારે સિઝનલ SALE લાગે છે ત્યારે વેચાણ ડબલ થઈ જતું હોય છે. ખાનગી સેલમાં કિંમતની માયાજાળ હોય છે, જ્યારે આપણા SALE - રિબેટ/MDA પિરિયડમાં મળતું વળતર વાસ્તવિક હોય છે. જેની પણ ગ્રાહકોને જાણ કરવી જોઈએ. તેનાથી વિશ્વસનીયતા અને વેચાણ, બંને વધે છે.

(૫) H.R.D. : આપણા કર્મચારી ગણને સતત માર્કેટિંગની નવીનવી પદ્ધતિ અને ટેક્નોલોજીના ઉપયોગની તાલીમ નિષ્ણાતો દ્વારા મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. તેનું પરિણામ અવશ્ય મળે છે. સાથોસાથ કર્મચારીઓની અગવડ-સગવડ પર પણ ધ્યાન રાખીએ. તેમનાથી થતી ભૂલો પ્રત્યે કૂણું વલણ અપનાવીએ અને ભૂલ સુધારવાની તક આપીએ. પારિવારિક માહોલ બનાવવા પ્રયત્નશીલ રહીએ તો સફળતા જરૂર પ્રાપ્ત થાય છે.

(૬) સંસ્થાનાં ભવનોનું સમયની સાથોસાથ નવીનીકરણ કરીને આધુનિક લુક આપવો જોઈએ.

(૭) ભવનોમાં શક્ય તેટલી કમ્પ્યુટરાઇઝ્ડ પદ્ધતિ અપનાવીએ તો નકામા પેપરવર્કમાંથી બહાર આવીને વિશેષ ધ્યાન ગ્રાહકો પર આપી શકીએ, તેમ જ હિસાબ પદ્ધતિમાં ચોક્કસાઈ આવે.

(૮) ભવનોની ગોઠવણી સ્વચ્છ, સુઘડ અને મનમોહક હોવી જરૂરી છે.

(૯) સુવ્યવસ્થિત, સ્વચ્છ પહેરવેશ ધરાવતો અને શક્ય હોય તો સમાન ગણવેશ સાથે ગ્રાહકની સેવા માટે સદા તત્પર કર્મચારીગણ જરૂરી છે.

આજના વૈશ્વિક પ્રવાહમાં પરિવર્તનને સ્વીકારીને આપણે સહુ સજ્જ થઈશું તો આવતી કાલ આપણી હશે જ.

# ...તો ખાદીપ્રવૃત્તિ ચાલશે જ નહિ, વિકસશે પણ ખરી

- રણજિતસિંહ ચૌહાણ

***ગુજરાત સરકાર દ્વારા ખાદીને પ્રોત્સાહન આપવા વિવિધ યોજનાઓના અમલ છતાં ખાદીનું ઉત્પાદન-વેચાણ છેલ્લાં થોડાંક વર્ષોમાં ઘટ્યું છે. ઉત્પાદન-વેચાણના લક્ષ્યાંકો પાર પાડવામાં સંસ્થાઓને મુશ્કેલી પડે છે; શા માટે? મુશ્કેલીનાં નિવારણો આપે છે રણજિતસિંહ ચૌહાણ***

ગુજરાતમાં આપણે સુતરાઉ અને પોલીવસ્ત્ર ખાદીનું ઉત્પાદન કરીએ છીએ. સિલ્ક નહિવત્, જ્યારે ઊની ખાદી માટે રાણપુરની સંસ્થા જાણીતી છે. ખાદીમાં સુતરાઉ હોય કે પોલીવસ્ત્ર, ઉત્પાદન છેલ્લાં થોડાંક વર્ષોથી ઘટતું જાય છે; શા માટે?

ખાદીનો ઉદ્ભવ થયો ત્યારે ગામડાંમાં આકાશી ખેતી ઉપર નભતા ખેતમજૂરોને પૂરક રોજી મળે તે પણ એક ઉદ્દેશ હતો. તે ઉપરાંત આપણે ત્યાં પરદેશથી આવતા મિલના કાપડના વિકલ્પ તરીકે ખાદીને વિકસાવીને સ્વદેશી ભાવનાને ઉત્તેજન આપવાનું હતું. આ કારણોસર આઝાદીની લડત દરમિયાન અને ત્યાર પછી ખાદીની પ્રવૃત્તિ ઘણી વિકસી. સૌરાષ્ટ્રમાં ખાદી પ્રવૃત્તિને ધાર્યો વેગ મળ્યો અને ઘણા કાર્યકરો તેમાં જોડાયા. આઝાદી બાદ અને સ્વતંત્ર ગુજરાત રાજ્યની રચના પછી ખાદી - ગ્રામોદ્યોગ આયોગ અને ગુજરાત રાજ્ય ખાદી - ગ્રામોદ્યોગ બોર્ડ તરફથી પણ પ્રોત્સાહક યોજનાઓનો અમલ થતાં ખાદીમાં સંશોધનો થયાં, વિકાસ થયો.

પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષોથી ખાદીનાં ઉત્પાદન અને વેચાણમાં ઓટ વર્તાવા માંડી છે. મિલના કાપડની સરખામણીએ ખાદી થોડી મોંઘી લાગે છે. મિલના સુતરાઉ કાપડની સરખામણીએ ખાદી ટકાઉપણામાં થોડી ઊણી ઊતરે છે, તેવી ફરિયાદ ગ્રાહકો કરતા હોય છે. ૧૯૯૨ પછી ઔદ્યોગિકીકરણનો વાયરો દેશમાં વાયો છે, ત્યારથી ખાદીના ઉત્પાદનને અસર થવા માંડી છે. ઔદ્યોગિકીકરણ દેશ માટે જરૂરી છે. વિકાસમાં અન્ય દેશોની હરોળમાં રહેવા માટે આવશ્યક પણ છે, પરંતુ તેની આડઅસરો પણ જોવા મળી છે. ખાદીની પ્રવૃત્તિ જે જે જિલ્લાઓમાં ચાલતી હતી ત્યાં ઉદ્યોગો આવવાથી કાંતનારા અને વણનારા કારીગરો વધુ રોજી મેળવવા ખાદીની પ્રવૃત્તિ બંધ કરી કારખાનાઓમાં જવા લાગ્યા. આ વિસ્તારોમાં ખાદીની પ્રવૃતિને મોટો ફટકો પડ્યો. જોકે કાંતનારા હજુય મળી રહે છે, પણ વણનારા કારીગરોની તૂટ પડવા લાગી છે. આપણો દેશ ખેતીપ્રધાન દેશ છે અને આજે પણ ૭૦ ટકા જેટલી આકાશી ખેતી છે. જેથી વરસાદની ઋતુ પછી દેશમાં ખેતી ઉપર નભતો વર્ગ, ખાસ કરીને ખેતમજૂરોને ખાદી રોજી પૂરી પાડતી આવી છે. વણકરોની નવી પેઢી પણ વારસાગત ધંધો છોડી અન્ય વ્યવસાય - નોકરીઓમાં જોડાવા લાગી છે. એટલે વણકરીના કારીગરો ઓછા થવા માંડ્યા છે. તે ઉપરાંત ખેતીની સિઝનમાં ખેતીમાં રોજી વધુ મળતી હોવાથી કારીગરો કંતાઈ-વણકરીનું કામ છોડી જતા રહે છે. પરિણામે ઉત્પાદનનાં લક્ષાંકો પૂરા કરવામાં સંસ્થાઓને મુશ્કેલીઓ પડે છે. આ મુશ્કેલીઓનાં નિવારણો શાં?

ગ્રાહકની દલીલોના જવાબો શા? ખાદીના જે ગુણો છે તેને આપણે ગ્રાહક સામે રજૂ કરવા જરૂરી છે. તેમને જણાવવું પડશે કે આ કાપડ ગરમીમાં ઠંડક આપે છે. ઠંડીમાં રાહત આપે છે. ખાદી મોંઘી છે તેવી ફરિયાદ સામે ચીજવસ્તુઓના વધેલા ભાવની સરખામણીએ ખાદીના ભાવ પણ વધતા રહે તે સ્વાભાવિક છે. તે ઉપરાંત ખાદી ગ્રામીણસ્તરે રોજગારી પૂરી પાડે છે, ગામડાંમાં કેટલાંય કુટુંબોનો રોટલો આના પર નભે છે તેની વાત કરવી પડશે. આ ઉપરાંત ખાદી કમિશન અને રાજ્યોના ખાદી બોર્ડે ટી.વી. અને છાપાઓમાં જાહેરખબરો આપીને પણ ગ્રાહકોને આકર્ષવા પ્રયાસ કરવો જોઈએ. યુવા પેઢીને આ માર્ગે જ સરળતાથી ખાદી તરફ વાળી શકાય. જો આમ થશે તો ખાદીપ્રવૃત્તિ માત્ર ચાલતી જ નહિ રહે, વિકસશે પણ ખરી, તેવો મને વિશ્વાસ છે.





તા. ૧૨ ઑક્ટોબર, ૨૦૧૧ના રોજ મણુંદ (જિ. પાટણ) મુકામે ૩૮ બી.પી.એલ. લાભાર્થીઓ માટે અગરબત્તીના ૧૫ દિવસના વર્ગોનું અધ્યક્ષશ્રી વાડીભાઈ બી. પટેલ દ્વારા ઉદ્‌ઘાટન કરાયું.

આ જ દિવસે શંખેશ્વર (જિ. રાધનપુર) મુકામે ૩૧ બી.પી.એલ. લાભાર્થીઓ માટે સિવણ-એમ્બ્રોયડરીના વર્ગો શરૂ કરવામાં આવ્યા, જેનું અધ્યક્ષશ્રી દ્વારા ઉદ્‌ઘાટન થયું.

તા. ૩ નવેમ્બર, ૨૦૧૧ના રોજ બોર્ડના તાલીમ ભવનમાં બ્યુટીપાર્લરના તાલીમ વર્ગોના પૂર્ણાહૂતિ પ્રસંગે વહીવટી અધિકારી શ્રી ડી. બી. પારૂપરલાના હસ્તે તાલીમાર્થીઓને પ્રમાણપત્ર અને ચેક આપવામાં આવ્યાં હતાં.

તા. ૨૫ ઓક્ટોબર, ૨૦૧૧ના રોજ ગાંધીનગર મુકામે બ્યુટીપાર્લરના તાલીમ વર્ગોના પૂર્ણાહૂતિ પ્રસંગે તાલીમાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં.








**BOOK-POST**

Registered with office of the Registrar of News Paper for India, New Delhi vide registraion no. 11055

# સ્વર્ણિમ પંચાયતીરાજ ઉજવણીનું અભિયાન



"મહાત્મા ગાંધી કહેતા કે, આપણો દેશ ગામડાંનો બનેલો છે અને આઝાદીના આંદોલનમાં પણ તેમણે ગામડાંને ગૌરવ અપાવેલું. ગ્રામરાજ્યથી રામરાજ્યનો તેમનો સંદેશ આઝાદીનાં આટલાં વર્ષો પછી સાકાર કરવામાં કમનસીબે આ દેશ કાચો પડ્યો અને મારે ભાગે આઝાદીનાં ૬૦ વર્ષનો ખાડો પૂરો કરીને ગામડાંને નવી વિકાસની ઊંચાઇ ઉપર લઇ જવાની જવાબદારી આવી છે.

ઓક્ટોબર, ૨૦૦૧માં શાસન સંભાળતા જાહેરાત કરેલી કે, જે ગામ સર્વસંમતિથી ચૂંટણી કરશે તેને સમરસ ગામ જાહેર કરાશે. વિકાસ માટે રૂ. એક લાખ અપાશે. તેનો કેટલાક બુદ્ધિશાળીઓએ લોકશાહી વિરોધી નિર્ણય ગણાવેલો, પરંતુ સરપંચો અને ગામના લોકોએ સમરસ ગામ અપનાવી ઇતિહાસ રચી દીધો. ૪૦ ટકા ગામો તો એવાં છે જેની સરપંચ બહેનો છે. સમરસ ગામની મહિલા સરપંચોએ તો મિશાલ રચી છે. અભણ હોવા છતાં પણ વિવેક મર્યાદાથી મહિલાઓએ સરપંચ તરીકે કાર્ય કર્યું. વાદવિવાદમાંથી ગુજરાતને બહાર કાઢવા, વિખવાદોમાંથી ગુજરાતને મુક્ત કરી સંપ, સુમેળ, સંવાદિતાથી ગુજરાતના ગામડાને મુક્ત કરવાનું બીડું ગુજરાતે ઝડપ્યું છે. આજે ગુજરાતમાં પાંચ વર્ષથી કોર્ટ કચેરીના કેસોથી દૂર રહેનારાં તીર્થગ્રામો ત્રણ વર્ષથી કોર્ટ ઝઘડાથી પણ દૂર રહી પાવનગામ બન્યાં છે.

સરપંચોએ નેતૃત્વ લીધું તો ચાર લાખ શૌચાલયો ગામડાંમાં બની ગયાં. ગામેગામ સંકલ્પ થાય તો કોઇને ખુલ્લામાં કુદરતી હાજતે જવાનું કલંક નહિ રહે. આજે ચાર હજાર ગામ નિર્મળ ગામ બની ગયાં જે દસ વર્ષ પહેલાં માત્ર ચાર ગામ હતાં. કલ્પના કરીએ કે સરપંચો નેતૃત્વ લે તો ગુણાત્મક પરિવર્તન કેટલું ઝડપથી થાય!

- પંચાયતીરાજની વ્યવસ્થામાં ગુજરાત પાયોનિયર ગણાય છે અને હવે પંચાયતી રાજને પચાસ વર્ષ થવા આવ્યાં છે, ત્યારે ૧૯૬૨ની ૨૪મી ફેબ્રુઆરીએ પંચાયતીરાજનો ધારો આવ્યો તેના ૫૦ વર્ષ ગણીને ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૨થી પંચાયતીરાજના અમલ- ૧ એપ્રિલ ૨૦૧૩ સુધી સ્વર્ણિમ પંચાયતીરાજ ઉજવણીનું અભિયાન હાથ ધરાયું છે.
- આ વર્ષ દરમિયાન પંચાયતોની વ્યવસ્થા સંગીન બનાવવા પાયાથી લઈને રાજ્યકક્ષા સુધીની તમામ સંસ્થાઓ દ્વારા વધુ મજબૂત ધોરણે સામૂહિક ચિંતન હાથ ધરાશે.
- સ્વર્ણિમ જયંતી વર્ષમાં શ્રેષ્ઠ ગામની સ્પર્ધાઓને ખૂબ જ વ્યાપક અને ઉત્તમ પ્રતિસાદ મળ્યો છે. તેનાથી પ્રેરાઈને આ અનુભવને આગળ ધપાવતા શ્રેષ્ઠ ગામની સ્પર્ધા ભવિષ્યમાં ચાલુ રાખીશું. ગ્રામવિકાસનાં કામો માટે પૂરતો સમય અપાશે. શ્રેષ્ઠ ગ્રામપંચાયત સ્પર્ધાનો સમયગાળો ત્રણ વર્ષનો રહેશે. દર છ મહિને વિકાસકામોની પ્રગતિનું પરીક્ષણ કરાશે. અને તેનું એકંદર મૂલ્યાંકન કરી તાલુકા, જિલ્લા, રાજ્યકક્ષાની શ્રેષ્ઠ ગ્રામપંચાયતોની ઈનામી સ્પર્ધા યોજાશે."

**- શ્રી નરેન્દ્ર મોદી**

**મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય**

Y-36-500-5-2012

**Printed and published by Kishor Rao D. on behalf of Gujarat State Khadi Gramodhyog Board and Processed-Printed at Government Photo Litho Press, Outside Delhi Gate, Ahmedabad - 380 004 and Published from Gujarat State Khadi Gramodhyog Board, Juna Wadaj, Ahmedabad - 380 013 Editor : Kishor Rao D.**

ÕùçìçÃ ±Þ ÜÄHë Ñ çßÀëßí ÎùËù áí×ù Õç, ±ÜØëäëØ